## GCERT – ગાંધીનગર પ્રેરિત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ

## આયોજિત

# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૨-૨૩

## ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૩

# શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ







ડૉ. એમ.વાય.વ્યાસ
ડી.આઈ.સી.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

કંચનબેન ભુત
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

# તાલુકાવાર રજૂ થયેલ ઇનોવેશન

જૂનાગઢ શહેર – 7
પ્રાથમિક – 5
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

જૂનાગઢ ગ્રામ્ય - 8
પ્રાથમિક –6
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

વંથલી – 7
પ્રાથમિક – 5
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

માણાવદર - 7
પ્રાથમિક – 5
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

ભેસાણ – 4
પ્રાથમિક – 2
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

વિસાવદર - 5
પ્રાથમિક – 4
માધ્યમિક – 1

માંગરોળ - 7
પ્રાથમિક – 5
માધ્યમિક – 2

મેંદરડા - 5
પ્રાથમિક – 3
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

કેશોદ - 6
પ્રાથમિક – 4
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

માળિયા - 8
પ્રાથમિક – 6
માધ્યમિક – 1
ઉચ્ચ માધ્યમિક – 1

# પ્રસ્તાવના

ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે શિક્ષકોમાં રહેલ ઇનોવેશનનાં કાર્યોને પ્રોત્સાહન આપવાનું કાર્ય જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગરને સોંપવામાં આવ્યું છે. જી.સી.ઇ.આર.ટી.એ સમગ્ર ગુજરાતમાં ડાયેટના માધ્યમથી આવા શિક્ષકોને શોધી તેઓને પોતાના ઇનોવેશન રજૂ કરવાની તક આપવાનું પ્રસંશનીય કામ થઇ રહ્યું છે. જૂનાગઢ જિલ્લાના આવા શિક્ષકોના ઇનોવેશનને રજૂ કરવા માટે ૨૦૨૨-૨૩ ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન થઇ રહ્યું છે.

જિલ્લાકક્ષાના વર્ષ ૨૦૨૨-૨૩ ના આ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં કુલ ૪૫ પ્રાથમિકમાંથી, ૧૧ માધ્યમિકમાંથી અને ૮ ઉચ્ચત્તર માધ્યમિકમાંથી ઇનોવેટીવ શિક્ષકો પોતાના ઇનોવેશન પ્રસ્તુત કરશે. આ પુસ્તકમાં જુનાગઢ જિલ્લાના કુલ ૪૫ પ્રાથમિક શાળાના અને ૯ માધ્યમિક અને ૬ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ઇનોવેટીવ શિક્ષકોના નવાચારની બાબતો રજૂ કરવામાં આવી છે. આ પુસ્તક થકી વાચકોને શિક્ષણમાં નાવિન્યપૂર્ણ બાબતોની જાણકારી મળી રહેશે તથા શિક્ષકોને તેમના કાર્યક્ષેત્રમાં આવતા અવરોધક પરિબળો દૂર કરવામાં મદદરુપ થશે તેવી ચોક્કસ આશા સાથે આ પુસ્તક આપની સામે રજૂ કરતા અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તમારા મૂલ્યવાન સૂચનો જે તે નવાચાર કરનાર શિક્ષકશ્રીને આપી શકો તે માટે તેમની સંપૂર્ણ વિગતો પણ આપવામાં આવેલ છે. તેમજ રચનાત્મક બાબતોને અમે સહર્ષ આવકારીએ છીએ.

જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશનની કામગીરી ડાયેટના ડો.મીરાબેન વ્યાસ સંભાળી રહ્યા છે. તેઓએ ઇનોવેશન કરનાર શિક્ષકોને ફિલ્ડમાંથી શોધી પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ છે. આ સમગ્ર કાર્યમાં તેમનો સિંહફાળો છે તેથી તેમને ધન્યવાદ આપુ છું. રાજ્યકક્ષાએથી ઇનોવેશન ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે તેવા જૂનાગઢના કે. આર. પી. શ્રી કૃણાલભાઇ મારવણિયાએ સક્રિય રહી ખૂબ જ સુંદર કામગીરી સંભાળી રહ્યા છે તે બન્નેને પણ ધન્યવાદ આપુ છું.

પ્રાચાર્ય

કંચનબેન ભુત
ડાયેટ જૂનાગઢ

# Innovation Festival - 2022-23

## ( પ્રાથમિક વિભાગ )

| ક્રમ | તાલુકો | ઇનોવેટીવ શિક્ષકનું નામ | શાળાનું નામ | ઇનોવેશનનું શીર્ષક |
|---|---|---|---|---|
| 1 | કેશોદ | તેજસ આર.મહેતા | શ્રી ભાટ સિમરોલી પ્રાથમિક શાળા | શાળા સિદ્ધિમાં શિક્ષકની ભૂમિકા |
| 2 | | નિમિષાબેન એમ. પનારા | શ્રી ફાગળી પ્રાથમિક શાળા | વિજ્ઞાનમાં પ્રશ્નોતરીની રમત |
| 3 | | અમિતકુમાર કે સંઘાણી | શ્રી શેરગઢ સીમ  શાળા | Worksheet Base Learning |
| 4 | | કામરિયા માલદેભાઈ એ. | શ્રી સોંદરડા પ્રાથમિક શાળા | તંદુરસ્તી નો ક્યારો |
| 5 | જૂનાગઢ ગ્રામ્ય | હેતલબેન ચંદ્રભાઈ જેઠવા | રામેશ્વર પ્રાથમિક શાળા | સાહિત્યનો વારસો 'કાગવાણી' |
| 6 | | હેતલબેન શરદભાઈ વ્યાસ. | શ્રી વાલા સીમડી પ્રાથમિક શાળા | પ્રવૃત્તિ દ્વારા સામાજિક વિજ્ઞાનનો સર્જનાત્મક અભ્યાસ. |
| 7 | | મકવાણા રાજેશકુમાર છગનભાઈ | વિજાપુર પે.સે. શાળા | વધારેલી વાસ્તવિકતા આધારિત ટેક્નોલોજીનો શિક્ષણમાં ઉપયોગ |
| 8 | | બારડ હિંમતસિંહ આર. | પ્રભાતપુર પ્રાથમિક શાળા | વિજ્ઞાન વિષયના પ્રાયોગીક સાધનોની ઓળખ કરાવવી |
| 9 | | કનેરિયા ધર્મિષ્ઠાબેન હરીલાલ | શ્રી વાલાસીમડી પ્રાથમિક શાળા | પ્રવૃત્તિ જ્ઞાનનો સાગર |
| 10 | | સંચાણિયા ઉષાબેન ચિમનભાઈ & વણપરિયા કિરણબેન બાબુભાઈ | વધાવી પ્રાથમિક શાળા | શાળાની સફર |
| 11 | જૂનાગઢ શહેર | જસ્મીનભાઇ એમ. પીઠડીયા | મારી પ્રાથમિક શાળા જુનાગઢ | પ્લાસ્ટિક મુક્ત મારી શાળા |
| 12 | | દુષ્યંત હર્ષદકુમાર જોષી | ગ્રામોદ્યોગ મંદિર પ્રા. શાળા | NMMS Exam preparation through "GAMES" |
| 13 | | નિરવભાઈ વી. હિરપરા | ભવનાથ પ્રાથમિક શાળા | સામાજિક વિજ્ઞાન બન્યું સહેલું |
| 14 | | કંચનબેન બાબુલાલ સાંગાણી | શ્રી કન્યાશાળા નંબર 4 , જુનાગઢ. | વાલીઓની વ્યસન મુક્તિ |
| 15 | | મયુરકુમાર હરસુખલાલ કવા | કન્યા શાળા નં.૪ પ્રાથમિક શાળા, જૂનાગઢ. | પ્રોજેક્ટ પસ્તીદાન |
| 16 | ભેંસાણ | ડો.કિશોરકુમાર વાલજીભાઇ શેલડિયા | શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ જીન પ્લોટ પે સે.શાળા,ભેસાણ તા.ભેસાણ જિ.જૂનાગઢ | શૈક્ષિક વિષયોનું માસવાર અભ્યાસક્રમ પ્રમાણે બાઈન્ડિંગ કરી દફતરનું વજન ઘટાડવું |
| 17 | | નિતેષભાઈ જમનાદાસ માથુકીયા | શ્રી ખંભાળિયા પ્રાથમિક શાળા | કોન બનેગા વૈજ્ઞાનિક |
| 18 | માંગરોળ | મકવાણા નારણભાઈ એચ. | વિરોલ પ્રાથમિક શાળા | બાળવાર્તાથી વાંચનનું વાવેતર" |
| 19 | | પરમાર રાજુબેન સગરામભાઈ | શ્રી શાપુરબારા પ્રાથમિક શાળા | રમશે બાળક શીખશે બાળક" |

| | | | | |
|---|---|---|---|---|
| 20 | | જોરા વિજયકુમાર કાનજીભાઇ | શ્રી ભાથરોટ પે સેન્ટર શાળા | Paper Toys and puzzles |
| 21 | | મેર પ્રજેશકુમાર મહેશભાઈ | આંત્રોલી પે.સેન્ટર શાળા | આત્મકથા દ્વારા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિમાં સ્વતંત્રતા અને આત્મવિશ્વાસમાં વધારો |
| 22 | | સિંધવડ રશ્મિ જી. | શ્રી બંદર પ્રા. શાળા | એપ્લિકેશન દ્વારા વિજ્ઞાન ની મોજ |
| 23 | માણાવદર | મનિષકુમાર એમ. કણસાગરા | શ્રી પીપલાણા પ્રાથમિક શાળા | ખૂણાઓની ખોજ |
| 24 | | યતીન ગોપાલભાઈ વસાણી | શ્રી પ્લોટ પ્રાથમિક શાળા બાંટવા | હાજરી નો રંગ રમત ને સંગ |
| 25 | | ભુત પ્રિયંકાબેન રતિલાલ | શ્રી મટિયાણા પ્રા. શાળા | ACTIVITY WITH JOYFUL LEARNING |
| 26 | | ભૂત દિપાવલીબેન કે | કતકપરા પ્રાથમિક શાળા | વિજ્ઞાનમાં કલાપ્રયોગ |
| 27 | | મકવાણા મનીષાબેન મંગાભાઈ | કોડવાવ પ્રાથમિક શાળા | LEARN WITH FUN IN MATHS |
| 28 | માળિયા | મારવણીયા વૈશાલીબેન જયંતિલાલ | શાંતિપરા સીમ નં - 1 | પ્રભુતામાં પગલા |
| 29 | | બગડા નીતાબેન દિનેશભાઈ | ગડુ પે સેન્ટર શાળા | Innovative Attendance and Map Activities |
| 30 | | કેયુરભાઈ મહીપતભાઈ કનેરીયા | શ્રી બોડી પ્રા. શાળા | Magic Of 3G (Grammar, Game and Grasping) |
| 31 | | લાડાણી રિંકલકુમાર કાનજીભાઈ | વડાળા પ્રાથમિક શાળા-વડાળા | રમતા-રમતા રાસાયણિક સૂત્રો બનાવીએ. |
| 32 | | સાંગિયા કલ્પેશ અનંતભાઈ | ચંદ્રનગર પ્રા.શાળા | મારી પ્રશ્નરચના |
| 33 | | શૈલેષકુમાર સામતભાઈ ભરડા | શ્રી ભંડુરી પે સેન્ટર શાળા | Healthy Tiffin System |
| 34 | મેંદરડા | દિશાબેન પ્રકાશભાઈ ભાણવડિયા | શ્રી સુરજગઢ પ્રાથમિક શાળા | પ્રવૃત્તિમય માતૃભાષા શિક્ષણ |
| 35 | | ત્રિવેદી દુષ્યંત વિનયકાંત | શ્રીપાટરામા પ્રાથમિક શાળા | Joyful Attendance/ આનંદદાયી હાજરી |
| 36 | | વિલાસબેન જીણાભાઇ રાખોલીયા | શ્રી આંબલા પ્રાથમિક શાળા | સામાજિક વિજ્ઞાન વર્ગખંડ SS.COM |
| 37 | વંથલી | મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ | શાપુર પે સેન્ટર શાળા | Learn with Digital Games |
| 38 | | પ્રતાપસિંહ આર.જેઠવા | મહોબતપુર પે.સે.શાળા | રંગોની પાઠશાળા |
| 39 | | રાવલિયા ધર્મિષ્ઠા અનિલભાઈ | શ્રી ડુંગરી પ્રાથમિક શાળા | Lets learn G.H.S.E together |
| 40 | | સરોજબેન એચ મકવાણા | શ્રી આખા પ્રાથમિક શાળા | પપેટ દ્વારા શિક્ષણ કાર્ય |
| 41 | | પરમાર કંચનબેન જેઠાભાઈ | શ્રી બાલોટ પ્રાથમિક શાળા | ચાલો લઈએ થોડું થોડું જ્ઞાન |
| 42 | વિસાવદર | અશ્વિનભાઈ વિઠ્ઠલભાઈ રાંક | શ્રી ઢેબર પ્રાથમિક શાળા | ત્રણ ટકોરા જ્ઞાનની બરણી ને |
| 43 | | સોલંકી જયેશ ચનાભાઇ | શ્રી દુધાળા પ્રાથમિક શાળા | OPEN AIR BOTANICAL CLASSROOM |
| 44 | | પ્રસાદ દીપક રામઅયોધ્યા | શ્રી પિયાવા (ગીર) પ્રા શાળા | LEARN THROUGH SCIENTIFIC TOOL |
| 45 | | શ્રી મયુરીબા રાણાભાઇ દયાતર | શ્રી રતાંગ પ્રાથમિક શાળા | સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત ધોરણ 6 થી 8 પાઠ્યપુસ્તકની "પ્રારંભિક ઝાંખી" |

## Innovation Festival - 2022-23

## ( માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ )

| ક્રમ | વિભાગ | SVS નું નામ | ઇનોવેટીવ શિક્ષકનું નામ | શાળાનું નામ | ઇનોવેશનનું શીર્ષક |
|---|---|---|---|---|---|
| 46 | માધ્યમિક | જૂનાગઢ ગ્રામ્ય | હેમલતાબેન સી.વાઘેલા | શ્રી ટી.ડી.ડી.હાઇસ્કુલ મજેવડી | વૈદિક ગણિત |
| 47 | ઉ. મા. | | જાની દિપાલીબેન સી | શ્રી ટી.ડી.ડી. હાયર સેકન્ડરી સ્કૂલ મજેવડી | આંકડાશાસ્ત્ર એક દાખલામાંથી અનેક ઉકેલ |
| 48 | માધ્યમિક | જૂનાગઢ શહેર | રાજેશભાઇ બી. જેઠવા | શ્રી મતી આર જે કનેરિયા ગર્લ્સ હાઇસ્કૂલ જૂનાગઢ | 'સમન્વય' - પાઠયપુસ્તક અને ટેકનોલોજી |
| 49 | ઉ. મા. | | ડો ખુશ્બુબેન ગરાળા | ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કૂલ જૂનાગઢ | યોગ શિક્ષણ દ્વારા સ્વાસ્થ્ય અને શિક્ષણમાં અસરકારકતા |
| 50 | માધ્યમિક | મેંદરડા | અવનીબેન એચ. વ્યાસ | સરકારી સિંધી હાઈસ્કૂલ-મેંદરડા | ગણિતને સરળ રીતે સમજીએ |
| 51 | ઉ. મા. | | ગણાત્રા કીનાબેન વી. | શ્રી શારદા વિનય મંદિર-નાની ખોડિયાર | મોડેલ દ્વારા ભારતીય અર્થવ્યવસ્થાની સમજ |
| 52 | માધ્યમિક | માંગરોળ | હિતેષ્ જે. અધ્વર્યું | શ્રી પરમેશ વિદ્યાલય | ગણિતનો જાદુ |
| 53 | માધ્યમિક | | રીઝવાન વાય. કોતલ | એમ એમ ઇ ડબલ્યુ હાયર સેકન્ડરી સ્કૂલ માંગરોળ | રમતા રમતા ગણિત શીખીયે |
| 54 | માધ્યમિક | માળીયા | જે. એમ. મોણપરા | શ્રી જવાહર હાઇસ્કૂલ - ખોરાસા | રમત દ્વારા શિક્ષણ |
| 55 | ઉ. મા. | | ડી. જે. મોરવાડીયા | સરકારી હાઇસ્કૂલ માળીયા | જીવન વિકાસમાં મૂલ્યશિક્ષણ |
| 56 | માધ્યમિક | માણાવદર | ધોકિયા સરોજબેન હમીરભાઈ | સનસાઈન માધ્યમિક શાળા - બાંટવા | બાળકોની અંદર છુપાયેલી મૌલિક શક્તિ જાગૃત કરવી |
| 57 | ઉ. મા. | | ડો. ઈમરાનખાન એમ. યુસુફઝય | એન. જે. જાવિયા વિદ્યા મંદિર- લીંબુડા | Practical Approach of Teaching English through Digitization |
| 58 | માધ્યમિક | વંથલી | વી. જે. દલસાણીયા | શ્રી વિવેકાનંદ હાઈસ્કૂલ - વંથલી | ગાણિતીક નમૂના |
| 59 | ઉ. મા. | | વી. વી. પરમાર | જવાહર વિનય મંદિર - શાપુર | યુ ટ્યુબ ચેનલ દ્વારા અંગ્રેજી રેમેડીયલ વર્ક |
| 60 | માધ્યમિક | ભેંસાણ | વૈશ્નવ મીરાબેન એસ. | સ્વામી વી વી મંદિર ચણાકા | Mysterious Educational Toys |

1



- ઈનોવેટરનું નામ : તેજસ આર.મહેતા
- શાળાનું નામ : શ્રી ભાટ સિમરોલી પ્રાથમિક શાળા
  તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9429321524

## શાળા સિદ્ધિમાં શિક્ષકની ભૂમિકા

બાળકોની શાળામાં અનિયમિતતને લીધે શિક્ષણમાં અસર, શાળામાં બાળકોનો અભ્યાસિક કે સહભ્યાસિકમાં રસ ઓછો કેળવવો, ગણિત વિજ્ઞાન વિષયમાં રસ ઓછો તથા એકંદર શાળા સિદ્ધિ આંક ઓછો જેથી બાળકોમાં નિયમિતતા તેમજ શૈક્ષણીક તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા સિદ્ધી આંક સુધારવો. સૌ પ્રથમ બાળકોને નિયમિત આવે તે માટે શાળામાં બધા દિવસ હાજર રહે તેને ઈનામ પ્રોત્સાહન આપવાનું શરુ કર્યું.

બાળકોને ગણિત વિજ્ઞાન પ્રવૃત્તિમાં રસ લે તે માટે શાળામાં ગણિત વિજ્ઞાન પ્રયોશાળા, પર્યાવરણ પ્રયોગશાળા ઉભી કરવામાં આવી. પ્રકૃતિ શિક્ષણ શિબિર વિશેષ દિન ઉજવણી દ્વારા અન્ય ભાષા અને સામાજિક વિષય અનુબંધ સાધવામાં આવ્યો. બાળકો સહભ્યાસિક પ્રવૃત્તિમાં વધુ ભાગ લે તેમજ શાળા સ્વચ્છતા મુલ્યલક્ષી જ્ઞાન વધે તે માટે શાળા અને SMC વાલીઓ અને પંચાયત દ્વારા સહ્યારો પ્રયાસ કરવામાં આવ્યો. બાળકોને ઘટતી સુવિધામાં વધારો કરવામાં લોકભાગીદારી દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવ્યું.

- બાળકોની શાળામાં નિયમિત હાજરી જોવા મળી. બાળકો ગણિત વિજ્ઞાન પ્રવૃત્તિમાં રસ લેતા થયા. આશરે 80 થી વધુ બાળકો પ્રાઈવેટ શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો. RTE ના નિયમ મુજબ સ્થાયીકરણ અમે નામાંકનને વેગ મળ્યો. કન્યા શિક્ષણ માટે વિશેષ સરાહના મળી. વિશેષદિન ઉજવણીમાં ગામ લોકોની ભાગીદારી વધી.

2 ઓક્ટોમ્બર 2021 ના રોજ ગાંધીજયંતીના દિવસે શાળામાં ભારતની પ્રથમ શાળા વિક્રમ સારાભાઈ ટ્રસ્ટ દ્વારા દતક લેવામાં આવી ખુદ ડો.રાવલ સાહેબ સહીત 15 વૈજ્ઞાનિકનું ગ્રુપ અમારી શાળામાં આવેલ.

બાળકો પ્રકૃતિ શિક્ષણ, ટેકનો સાયંસ એન્ડ મેથ્સ ફેર હર ઘર વિજ્ઞાન, સંસ્કૃતિક કાર્યક્રમ ગ્રામોત્સવ, બાલવૃંદ જેવા પ્રકલ્પથી બાળકોમાં આમૂલ પરિવર્તન આવ્યું

LIC દ્વારા STUDENT OF THE YEAR 2022 અમારી શાળાના બાળકોને આપવામાં આવ્યો.

બાળકોના સર્વાંગી વિકાસને લીધે શાળા સિદ્ધી આંકમાં મહતમ સુદ્ધારો જોવા મળ્યો

વન વિભાગ જૂનાગઢ દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે પ્રોત્સાહિત કર્યા.

બાળકોની શૈક્ષણિક અને બાળકોના સર્વાંગી શિક્ષણમાં સુધારો જોવા મળ્યો જેનું ઉતમ ઉદાહરણ શાળાના બાળકો તાલુકા જિલ્લા રાજ્ય અને નેશનલ કક્ષા સુધી પહોચ્યા.

બાળકો ગણિત વિજ્ઞાન પ્રવૃતિઓમાં જિલ્લા અને રાજ્ય કક્ષા સુધી NCSC તથા ટેકનો સાયંસ ફેરમાં પહોચ્યા.

બાળકો ગુણવતા સભર સુધારા બદલ તાલુકાના શ્રેષ્ટ શિક્ષકનો એવોર્ડ મળ્યો.

વિશેષ મુલાકાત પ્રાંત અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સાહેબ તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બિ.આર.સી. કો.ઓડીનેટર  તેમના દ્વારા રૂબરૂ શાળા માં પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું.

બાળકો ગણિત વિજ્ઞાન પ્રવૃત્તિમાં રસ લેતા થયા. આશરે 80 થી વધુ બાળકો પ્રાઈવેટ શાળા છોડી અમારી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો. RTE ના નિયમ મુજબ સ્થાયીકરણ અમે નામાંકનને વેગ મળ્યો કન્યા શિક્ષણ માટે વિશેસ સરાહના મળી

શાળા સ્વચ્છતા પુરસ્કાર 2022 શાળાને પ્રાંત અધિકારીના વરદ હસ્તે મળ્યો.

શાળામાં હાલ સરકારશ્રી સ્કુલ ઓફ એકસેલન્સમાં અમારી શાળા પસંદ થયેલ.

લીલા પાણી નેના નવા વસાહતના બાળકો માટે ખાસ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કરતા આશરે 20 જેટલા પછાત બાળકોને શાળાનો લાભ મળ્યો.

હાલ શાળામાં શાળા સિદ્ધી પ્રોજેક્ટ અમલમાં છે.
















# 2

❖ ઈનોવેટરનું નામ : નિમિષાબેન એમ. પનારા
❖ શાળાનું નામ : શ્રી ફાગળી પ્રાથમિક શાળા
તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9904975085



## વિજ્ઞાનમાં પ્રશ્નોતરીની રમત

જૂનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાની શ્રી ફાગળી પ્રાથમિક શાળામાં નિમિષાબેન એમ. પનારા છેલ્લા 11 વર્ષથી ગણિત વિજ્ઞાન વિષયમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમણે વિજ્ઞાન વિષયને ડેઈલી ક્વિઝ સાથે જોડી શીખવું સરળ બને તે માટેનું ઈનોવેશન કર્યું.

વિજ્ઞાન વિષય બાળકો ઉત્સાહથી શિખતા હતા પરંતુ લાંબા સમય સુધી તેને યાદ રાખવું બાળકો માટે મુશ્કેલ હતું. તથા વિજ્ઞાનમાં આવતા ચાર્ટ – આકૃતિ – પ્રયોગો યાદ રાખવામાં મુશ્કેલી થતી હતી. તેના નિવારણ માટે બાળકો ને રોજ એક પેઈઝ વાંચવા આપવાનું અને એ એક જ પેઈઝમાંથી બાળકો જાતે પ્રશ્નો બનાવે અને રોજ 10 મીનીટ એ પ્રશ્નોતરી પુછવામાં આવે. પાઠના અંતે પ્રોજેક્ટ કાર્ય દ્વારા બાળકો આકૃતિ – ચાર્ટ સરળતાથી યાદ રાખી શકે.

આમ, આ નવતર પ્રયોગમાં બાળકોને ભાઈઓ – બહેનો એમ બે ટીમ બનાવી ક્વિઝ કોમ્પીટીશન રાખીને તેમાં પ્રથમ આવવા માટે બાળકો હોશે – હોશે તૈયારી કરે અને વિષય વસ્તુને સરળતાથી યાદ રાખી શકે. એકમ કસોટીમાં માર્ક્સ વધ્યા. બાળકોનો ઉત્સાહ વધ્યો આ પ્રયોગ સફળ રહ્યો. કઈક નવું કર્યાનો આનંદ થયો...










❖ ઇનોવેટરનું નામ : અમિતકુમાર કે સંઘાણી

❖ શાળાનું નામ : શ્રી શેરગઢ સીમ શાળા

તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9879085435


## Worksheet Base Learning

જૂનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાના છેવાડાના ગામમાં કે જ્યાં મોટા ભાગના લોકો પશુપાલન તથા ખેત મજુરી કરીને ગુજરાન ચલાવે છે. એવી શેરગઢ સિમ શાળામાં ધોરણ 1 થી 5 માં શિક્ષક અને આચાર્ય તરીકે અમિતકુમાર કે સંઘાણી ફરજ બજાવે છે. હું જોડાયા ત્યારથી જ ટેકનોલોજી દ્વારા શિક્ષણને સરળ અને અસરકારક બનાવવા પ્રયત્નો કરતો હતો. શાળાના તમામ બાળકોને ખુબજ સારી રીતે ભણાવવા છતાં તેઓને યાદ રાખવામાં ઘણી મુશ્કેલી પડતી હતી.

આ મુશ્કેલી અમારા માટે એક ખુબજ સમસ્યા બની ગઈ આ સમસ્યાના નિરાકણ માટે અમે ધોરણ 3 થી 5 ના તમામ વિષયોના તમામ એકમોની વર્કશીટ બનવાનું નક્કી કર્યું. પણ આ કામ ખુબજ અઘરૂં હતું કારણકે તમામ એકમોની વર્કશીટ બનાવવા માટે ખુબજ સમયની જરૂરિયાત પડે આ માટે તમામ સ્ટાફ અને વિદ્યાર્થીનો ઉપયોગ કરવામાં આવ્યો અને છેવટે એક સંપૂર્ણ અભ્યાસક્રમ પ્રમાણે વર્કશીટ તૈયાર કરવામાં આવી.

વર્કશીટ બેઇજ લર્નિંગથી શાળાની આજુ-બાજુના ગામના વાલીઓ આ શાળા પ્રત્યે આકર્ષિત થયા તેમણે સૌ પ્રથમ શાળાની મુલાકાત લીધી જેમાં તેમણે શાળાની શિક્ષણ પ્રકિયા ખૂબ જ ગમી તેથી પોતાના બાળકોના એડમિશન પ્રાઇવેટ સ્કૂલને બદલે આ શાળામાં કરાવ્યા. જેનાથી ગયા વર્ષની શાળાની સંખ્યા 123 બાળકો હતા અત્યારે શાળામાં કુલ 202 બાળકો અભ્યાસ કરે છે જેમાં શેરગઢ ગામ, ભાખરવડ ગામ, વીરડી અને માતારવાણીયાથી બાળકો અભ્યાસ માટે આવે છે જેનો આસય વર્કશીટ બેઇજ લર્નિંગને આપી શકાય.

# 4



❖ ઈનોવેટરનું નામ : કામરિયા માલદેભાઈ એ.

❖ શાળાનું નામ : શ્રી સોંદરડા પ્રાથમિક શાળા

તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9737051517

## તંદુરસ્તીનો ક્યારો

જૂનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાની શ્રી સોંદરડા પ્રાથમિક શાળાના આચાર્ય કામરીયા માલદેભાઈ દ્વારા તેમના શિક્ષકોના સહયોગથી વિદ્યાર્થીઓના શરીર સ્વચ્છતા બાબત નવતર પ્રયોગ કરવામાં આવ્યો.

શાળાના વિદ્યાર્થીઓમાં શરીર સ્વચ્છતા બાબત સભાનતાનો અભાવ જોવા મળતો હતો. જેમાં વિદ્યાર્થીઓ હાથના નખ તથા વાળ વધારતા હતા. તેમજ હાથ પગ તથા શરીરની સફાઈ પ્રત્યે બેદરકાર હતા. જેના કાયમી ઉકેલ માટે સ્ટાફ સાથે ચર્ચા વિચારણાના અંતે આ નવો પ્રયોગ અંગે વિચાર આવ્યો. ત્યારબાદ શાળામાં સ્વાસ્થ્ય ટીમ બનાવવામાં આવી. જેમાં સાત વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો.

ટીમ દ્વારા દર બુધવારે પ્રાર્થના સભા દરમિયાન વિદ્યાર્થીઓનું અવલોકન કરવામાં આવે. અને અસ્વચ્છ વિદ્યાર્થીઓને અલગ તારવી તે માટેના કારણ જાણી તેની વય કક્ષા તથા કારણને ધ્યાનમાં રાખી તે મુજબ હળવી સજા રુપે તુલસી, લીમડો, અરડૂસી, કુવારપાઠ (ટુકડા) વગેરેના પાન ચાવી ગળે ઉતારવાનું કહેવામાં આવે.

- આમ કરવાથી વિદ્યાર્થીઓ શરીર સ્વચ્છતા પ્રત્યે જાગૃત થયા.
- શાળામાં દરેક વિદ્યાર્થીઓ નિયમિત પોતાના શરીરની સફાઈ કરતા થયા.
- વિદ્યાર્થીઓની તંદુરસ્તીમાં પણ ફાયદો થશે.
- વિદ્યાર્થીઓ સામાન્ય રોગોથી બચી શકે છે.
- અને નિયમિત શાળાએ આવી અભ્યાસ કરી શકે છે.




- ઈનોવેટરનું નામ : હેતલબેન ચંદુભાઈ જેઠવા
- શાળાનું નામ : રામેશ્વર પ્રાથમિક શાળા
  તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 98240 28434


## ‘કાગવાણી’

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ તાલુકાની રામેશ્વર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા શ્રી હેતલબેન ચંદુભાઈ જેઠવા વર્ષ 2012 થી ભાષા શિક્ષક છે. તેઓ શિક્ષક બન્યા ત્યારથી શિક્ષણ ક્ષેત્રમાં વિધાર્થીઓ ની રસ રુચિ વધતા રહે તેવા પ્રયત્ન કરે છે, કંઈક નવીનતા લાવવા ના પ્રયાસો કરે છે.

તે દરમિયાન જાણવા મળ્યું કે વિધાર્થીઓ આપણી માતૃભાષાનો સાહિત્યનો વારસો વિસરતા જાય છે ગુજરાતી ભાષાનું લોકસાહિત્ય નાશ થવાના આરે છે ત્યારે તેમણે પોતાની આગવી સમજ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી કવિ કાગના ભજનો કાવ્યો કાગગણીકાનો બાળકોને અભ્યાસ કરાવી બાળકોને ગુજરાતી સાહિત્યમાં રસ લેતા કર્યા

તેમણે Instagram, Facebook, YouTube અને કવિ Kagbapu.com જેવી app ઉપયોગ કરીને ગુજરાતી સાહિત્યના દોહા, છંદ, ભજન, કાવ્યો બાળકોને સમજાવ્યા ગાન કરાવ્યું. જેથી વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાના તળપદા શબ્દો પણ જાણતા થયા.

તેમણે કરેલા ઈનોવેશનથી નાશપ્રાય થતા લોકસાહિત્યને જીવંત રાખવાનો પ્રયાસ કરેલ છે. જેથી વિદ્યાર્થીઓમાં માતૃભાષા અને શિક્ષણ પ્રત્યેનું ગૌરવ વધ્યું છે અને સર્જનાત્મક શક્તિમાં વધારો થયો છે. બાળકો સોરઠની રસધાર જેવા પુસ્તકો વાંચન કરતા થયા છે.

“રાતે ઘોડા રોડવી પો તક પુગ્યાનું એને ઊગ્યાનું કેવું ન પડે કાગડા



6



❖ ઈનોવેટરનું નામ : વ્યાસ હેતલબેન શરદભાઈ

❖ શાળાનું નામ : શ્રી વાલા સીમડી પ્રાથમિક શાળા

તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 6353784363

## પ્રવૃત્તિ દ્વારા સામાજિક વિજ્ઞાનનો સર્જનાત્મક અભ્યાસ.

જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના ગ્રામ્ય શાળાના શિક્ષક શ્રી વ્યાસ હેતલબેન શરદભાઈ વર્ષ 2015 થી સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

સામાજિક વિજ્ઞાન વિષય બાળકોને ખૂબ અઘરો તથા કંટાળાજનક લાગતો. બીજા વિષયની તુલનામાં આ વિશે ઘણો લાંબો પણ હતો. જેથી હેતલબેન વિષયને રસપ્રદ તથા સરળ બનાવવા માટે એક નવતર પ્રયોગ શરૂ કર્યો.

હેતલબેન વ્યાસની આ કામગીરી હજુ પણ ચાલુ છે. બાળકો પાસે પ્રવૃત્તિઓ દ્વારા પ્રોજેક્ટ બનાવડાવી શોર્ટ કટ કી દ્વારા તથા બાળકો દ્વારા મોડેલો બનાવી સરળ રીતે પ્રદર્શિત કરી વિષયને રુચિકર બનાવે છે.






7



- ❖ ઈનોવેટરનું નામ : મકવાણા રાજેશકુમાર છગનભાઈ
- ❖ શાળાનું નામ : વિજાપુર પે.સે. શાળા

  તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 95374 67453

## વધારેલી વાસ્તવિકતા આધારિત ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ તાલુકાની વિજાપુર પે સે શાળામાં ફરજ બજાવતા શિક્ષક શ્રી રાજેશકુમાર છગનભાઈ મકવાણા વર્ષ 2010 થી ગણિત / વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓએ આ વર્ષે ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લીધેલ છે. તેઓ શાળામાં બાળકોને સરળતાથી ગણિત / વિજ્ઞાન વિષય શીખી શકે તે માટે સતત પ્રયત્નશીલ છે. આ માટે તેઓએ સતત ICTના મોડ્યુલનો અભ્યાસ કરી અને ગણિત / વિજ્ઞાન વિષય બાળકો રસપ્રદ રીતે સમજી શકે તેવું ઈનોવેશન કરેલ છે. બાળકો પોતે જ આ 3D AR APP ટેકનોલોજીનો ઉપયોગ કરતા શીખે.બાળકોમાં આ રસપ્રદ ટેકનોલોજીનો આનંદ લઈ શિક્ષણના ધ્યેય સિદ્ધ થાય.














8




❖ ઈનોવેટરનું નામ : બારડ હિંમતસિંહ આર.

❖ શાળાનું નામ : પ્રભાતપુર પ્રાથમિક શાળા

તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9978524477


## વિજ્ઞાન વિષયના પ્રાયોગીક સાધનોની ઓળખ કરાવવી

પ્રભાતપુર પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષક બારડ હિંમતસિંહ આર. કે જેણે 2011 માં નોકરી ની શરૂઆત કરી અને વિજ્ઞાન માં પોતાની અંગત રસ રૂચી હોય બાળકો વિજ્ઞાન માં ખુલા મને વિચારતા થાય અને જાતે પ્રયોગો કરી સમજી શકે તે માટે શાળાના એક ઓરડામાં અલાયદો વિજ્ઞાન પ્રયોગશાળા બનાવી હતી અને જે તે સમયના જૂનાગઢના કલેકટર શ્રી રાહુલ ગુપ્તા સાહેબ પણ શાળાની મુલાકાત વખતે પ્રયોગશાળાથી પ્રભાવિત થયેલા. પરંતુ 2021 માં પોતાની શાળા 100% ડીમોલેશન હોવાથી પોતે બનાવેલી વિજ્ઞાન પ્રયોગશાળાને શાળાના એક સ્ટોર રૂમમાં બધા સામાન સાથે મુકવી પડી તેનાથી ચિંતિત તો હતા જ સાથે પ્રયોગ ન કરાવી શકવાનો રંજ પણ હતો. ટેકનોલોજીના માધ્યમથી પ્રયોગો બાળકોને બતાવવામાં તો આવતા પણ વિજ્ઞાનાના સાધનો જોયા જ ન હોય તથા તેના નામ અને ઉપયોગીતાની સમજ પણ બાળકોને ન હોય તો કેમ ચાલે ? સાહેબની આ ચિંતામાંથી આ નવતર ઈનોવેશનનો ઉદભવ થયો.

તે માટે પ્રભાતપુર પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષક બારડ હિંમતસિંહ એ દરરોજ પ્રાથનાસભામાં એક વધારાની પ્રવૃત્તિ ઉમેરી જેનું નામ રાખ્યું “વિજ્ઞાનના સાધનોની ઓળખ”. જે માટે વિજ્ઞાનમાં આવતા તમામ સાધનોની યાદી અને ઉપયોગીતા અને સાધનોની ઈમેજની એક ppt તૈયાર કરી અને તેની એક પ્રિન્ટની ફાઈલ બનાવી જેમાંથી દરરોજ એક સાધન નું પિક્ચર બતાવી તેનું નામ અને ઉપયોગીતા પ્રાથના સભામાં કહેવામાં આવતી અને શનિવાર ના દિવશે વિજ્ઞાન શિક્ષક દ્વારા તે સાધનો બાળકોને બતાવાવવામાં આવતા અને તેની ppt પણ બતાવવામાં આવતી અને ત્યાર બાદ દર મહિનાના છેલ્લા શનિવારે આખા મહિના દરમિયાન બતાવેલા સાધનોને લગતી ટેસ્ટ લઈને તેના તમામ નામ યાદ હોય તેવા બાળકને “સાયન્ટીસ્ટ ઓફ ધ મન્થ” તરીકેનું બિરુદ આપવું અને વર્ષના અંતમાં તમામ બતાવેલ વિજ્ઞાન સાધનો ઓળખ ટેસ્ટ માં પ્રથમ આવનારને “સાયન્ટીસ્ટ ઓફ ધ યર”નું બિરુદ આપી તમામ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ ઈનોવેશનનાં અસરકારક અમલ થી કુલ 43 બાળકો પૈકી મોટા ભાગના 38 જેટલા બાળકો વિજ્ઞાન વિષયમાં રસ લેતા થયા તથા પ્રાયોગિક સાધનોને ઓળખે તથા તેના ઉપયોગ સમજે છે.

9



❖ ઈનોવેટરનું નામ : કનેરિયા ધર્મિષ્ઠાબેન હરિલાલ

❖ શાળાનું નામ : શ્રી વાલાસીમડી પ્રાથમિક શાળા

તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલનંબર : 9998326950

## પ્રવૃત્તિ જ્ઞાનનો સાગર

જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના શિક્ષક શ્રી કનેરિયા ધર્મિષ્ઠાબેન હરિલાલ વર્ષ 1992થી પ્રાથમિક શિક્ષક તરીકે તેમજ વર્ષ 2012 થી શ્રી વાલા સીમડી પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. ઘણીવાર બાળકોને વિષયમાં અઘરા લાગતા મુદ્દાઓ માટે સરળ રીતો બનાવે છે. વિષય શિક્ષણ પ્રવૃત્તિઓને રસપ્રદ બનાવવા બાળકો માટે નવતર પ્રયોગ કરેલ છે.

કોઈપણ વિષયમાં આમ તો પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટથી શીખવવામાં આવે તો બાળકો સરળતાથી શીખે છે. તે માટે બહેન શ્રી રમતો જુદી જુદી પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરે છે. તેના દ્વારા મનોરંજન કરતા કરતા બાળકો શીખે છે. જુદા જુદા વિડિયો પણ બાળકોને બતાવે છે.

બાળકો પોતાની જાતે પ્રાણીઓના મોહરા બનાવીને શાળાએ લાવે છે. પૂંઠામાંથી નવી નવી વસ્તુઓ બનાવી લાવે છે. વનસ્પતિના પર્ણો અને ફૂલો ખૂબ સરળતાથી ઓળખી બતાવે છે.

આ પ્રયોગથી બાળકો એકમ મુજબ ઉત્તરોત્તર પ્રગતિ કરે છે. આ પ્રયોગ હજુ પણ ચાલુ જ છે બાળકો વધુ લાંબા સમય સુધી યાદ રાખે છે.







❖ ઈનોવેટરનું નામ : (1) સંચાણિયા ઉષાબેન ચિમનભાઈ
(2) વણપરિયા કિરણબેન બાબુભાઈ
❖ શાળાનું નામ : વધાવી પ્રાથમિક શાળા
તાલુકો : જૂનાગઢ , જિલ્લો: જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9824510702, 9067154663





## પ્રવૃત્તિથી શિક્ષણ

જૂનાગઢ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની વધાવી પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી વણપરિયા કિરણબેન અને સંચાણિયા ઉષાબેન એ શાળાની દિવાલોને સુંદર અને બાળકોને ગમતી કરવા માટે શાળા સમય પહેલા અને શાળા સમય બાદ શાળાની દિવાલોને આકર્ષિત કરવા પેઈન્ટિંગ કરવાનું શરુ કર્યું.

સતત પુસ્તક અને સ્વાધ્યાયપોથીના ઉપયોગમાં બાળકો નિરસતા અનુભવતા હોવાથી પ્રજ્ઞાનો અભ્યાસક્રમ પ્રજ્ઞા વર્ગખંડની દિવાલો પર કંડારી દિધેલ જેથી, રોજબરોજ બાળકોની નજર સામે રહેતી આકર્ષિત, રંગબેરંગી અને વિષયવસ્તુથી કંડારેલ દિવાલોથી બાળકો ઝડપથી અભ્યાસક્રમના હેતુ સિદ્ધ કરવા લાગ્યા અને ભોંયતળીયે પેઈન્ટિંગ કરેલી રમતોથી આનંદ સાથે પાયાનું જ્ઞાન મેળવતા થયા.

શિક્ષકે જાતે બનાવેલ મૂલ્યાંકન કસોટીના બેનરથી બાળકો જાતે મૂલ્યાંકન કરતા થયા અને શિક્ષકને પણ મૂલ્યાંકન લખવાના સમયની બચત થઈ. શાળામાં FLN ની ટકાવારીમાં પણ ઘટાડો જોવા મળ્યો તેમજ શિક્ષકોને પેઈન્ટિંગ પ્રવૃત્તિ કરતા જોઈ બાળકોનો બૌદ્ધિક વિકાસ વધ્યો અને 5 થી 8 ધોરણના બાળકો પ્રાથમિક ચિત્રકામ પરીક્ષામાં મોટી સંખ્યામાં ભાગ લેતા થયા.

આજનો દિપક અને આજનું ગુલાબના સેલ્ફી પોઈન્ટના લીધે બાળકો સેલ્ફી પડાવવા માટે સુંદર રીતે તૈયાર થઈને આવવા લાગ્યા. વાલીઓએ પણ આ બાબતની સરાહના કરી.

` આ બન્ને શિક્ષકોનો આ નવતર પ્રયોગ ખૂબ જ સફળ સાબિત થયો.

SCAN ME

❖ ઈનોવેટરનું નામ : જસ્મીનભાઈ એમ. પીઠડીયા

❖ શાળાનું નામ : મારી પ્રાથમિક શાળા

તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 7016683965




## પ્લાસ્ટિક મુક્ત મારી શાળા

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેરની સુખનાથ ચોક વિસ્તારમાં આવેલ મારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી જસ્મીનભાઈ પીઠડીયાએ પ્લાસ્ટિકની સમસ્યાને ધ્યાને લઈ અભિયાન હાથ ધર્યું. શાળામાં કુલ 538 વિદ્યાર્થીઓની સંખ્યા છે અને વાલીઓ છૂટક મજૂરી કામ માટે સવારથી સાંજ સુધી જતા રહે છે માટે વિદ્યાર્થીઓ રિશેષના નાસ્તા માટે વાલી પાસેથી નાસ્તાના પૈસા લઈને આવતા અને શાળાએ આવતી વખતે પ્લાસ્ટિકના પેકેટ નાસ્તા માટે લાવતા. જેથી રિશેષ બાદ શાળા પરિસરમાં જ્યાં ત્યા પ્લાસ્ટીકના રેપર ફેલાયેલા જોવા મળતા જે સ્વાસ્થ્યની પર્યાવરણની અને સ્વચ્છતાની દ્રષ્ટીએ ખુબ ગંભીર બાબત હતી.

દરરોજ આ કચરો પરિસરમાંથી એકઠો કરવો અને તેના મહાનગર પાલિકાની વેન સુધી પહચાડવો એ ખુબ સમય વેડફી નાખતી બાબત હતી.આનો કોઈ કાયમી ઉપાય મળે અને શાળાની પ્રતિષ્ઠામાં વધારો થાય તે ખુબ જરૂરી હતું તેથી બાળકોમાં અને તેના દ્વારા તેના વાલીઓમાં પ્લાસ્ટીકના નિકાલ માટેના આ પ્રયોગના અમલીકરણ માટે અમે આ પ્રયોગ હાથ ધરેલ હતો.

આ સમસ્યાના નિરાકરણ માટે સ્ટાફ મિટિંગમાં ચર્ચા કરી આ માટે અભિયાન ચલાવવામાં આવ્યું જેમાં વાલી મીટીંગ તેમજ પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકના પેકેટનો ઉપયોગ ન કરવો તેમ જ ડસ્ટબિનમાં યોગ્ય ઉપયોગ કરવા બાબતે જાગૃત કરવામાં આવ્યા. સરકારશ્રીના નિયમ અનુસાર સિંગલ યુઝ પ્લાસ્ટિક પરના પ્રતિબંધ બાબતે જાગૃતિ અભિયાન પણ ચલાવવામા આવ્યું અને કચરાનું ચાર પ્રકારે વર્ગીકરણ કરતા વિદ્યાર્થીઓને સમજાવી અમલવારી ચાલુ કરી જેમાં વિદ્યાર્થીઓ વર્ગીકરણ આધારિત ડસ્ટબિન નો ઉપયોગ કરતા થયા. તેમજ મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા પણ અધિકારીઓ દ્વારા એક વર્કશોપ રાખવામાં આવ્યો આમ આ અભિયાનના ફળ સ્વરૂપે હવે શાળામાં બાળકો 90 % બાળકો કચરાનો ચાર પ્રકારે વર્ગીકરણ આધારે નિકાલ કરે છે. આમ અમારી શાળા પ્લાસ્ટિક મુક્ત બની છે.








## 12



❖ ઈનોવેટરનું નામ : દુષ્યંત હર્ષદકુમાર જોષી

❖ શાળાનું નામ : ગ્રામોદ્યોગ મંદિર પ્રા. શાળા

તાલુકો : જૂનાગઢ શહેર, જિલ્લો :જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9428865075

### NMMS Exam preparation through "GAMES"

Covid-19 માં લોકડાઉન બાદ જયારે શાળાઓ ખુલી ત્યારે લગભગ અડધું સત્ર પૂરું થઈ ચુક્યું હતું. બાળકો શાળામાં દોઢ વર્ષે આવ્યા ત્યારે અનેક સમસ્યાઓ લઈને આવ્યા. જેમાં સામાજિક,આર્થિક અને તેમાંય શૈક્ષણિક સમસ્યા મુખ્ય હતી. હું લગભગ ત્રણેક વર્ષથી ધોરણમાં 8 ના બાળકોને NMMS પરીક્ષાની અલગથી તૈયારી કરાવું છું. આ વર્ષે પણ ધોરણમાં 8 માં 18 જેટલા બાળકો પરીક્ષા આપવાના છે.વર્ગ શરૂ કરતાં પહેલાં તા.15/09/2022 એ બાળકોની એક અનૌપચારિક પરીક્ષા લીધી. 18 માંથી માત્ર 4 બાળકોને જ બૌદ્ધિક ક્ષમતા આધારિત પ્રશ્નોના ઉત્તરો આવડ્યા. આ પરીક્ષાના પરિણામ પરથી બાળકો પાસેથી જાણ્યું કે MAT વિભાગ ખુબ અઘરો લાગે છે. : NMMS પરિક્ષાની તૈયારી દરમ્યાન MAT વિભાગમાં બૌદ્ધિક ક્ષમતા આધારિત પ્રશ્નો જેવા કે, અંક શ્રેણી, શ્રેણીની અંદર શ્રેણી, અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણી, સમસંબંધના પ્રશ્નો, ગાણિતિક ચિહ્નો, નિશાનીનો યોગ્ય ક્રમ વગેરેમાં પડતી મુશ્કેલી પડતી હતી. આ સમસ્યાના ઉકેલ માટે બાળકોને સાથે રાખીને ગણિત ના સર્વ સામાન્ય નિયમો આધારિત "GAMES" બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. આમા પ્રથમ GAME માટે સાપ-સીડી ની જેમ એક કાર્ડ સીટ પર 10X10 નું એક ચોરસ બનાવ્યુ., તેમાં અંક,વર્ગ અને વર્ગમૂળ ની ગોઠવણી એવી રીતે કરી કે જેથી વર્ગ નો જવાબ તેના ઉપરના ખાનામાં આવે અને વર્ગમૂળ નો જવાબ તેના નીચેના ખાનામાં આવે. તેમજ રંગ ની પસંદગી પણ એવી રીતે પણ કરી. પાસા અને કુકરી ની મદદથી વર્ગ અને વર્ગમૂળ ની રમત તૈયાર કરી. ત્યારબાદ બીજી રમત માટે કાર્ડ સીટમાં નિશાનીઓ સાથેના કાર્ડ્સ તૈયાર કરી એક પછી એક બાળક આવશે અને ચીઠ્ઠી ઉપાડી બોર્ડ પર અંક લખશે અને તેને આપેલ ક્રિયા કરશે. ત્રીજી રમત માટે કર્ડસીટ પર BODMAS આધારિત કોયાડાના અંકો મુજબ પાત્ર ના સ્ટીકર બનાવી ચોટડ્યા. ત્યારબાદ એક વિદ્યાર્થી નિયમ આધારિત કોયડો ઉકેલશે. રમત દ્વારા શીખેલું બાળકોને તરત યાદ રહી જાય છે ગોખણપટ્ટી કરવી પડતી નથી. હાલ ચાલુ વર્ષે NMMS પરિક્ષા 18 બાળકો આપવાના છે. દરરોજ વિદ્યાર્થીઓને બે કલાક તૈયરી કરાવવામા આવે છે. તેમજ દર શનિવારે અઠવાડિયા દરમિયાન શિખવવામા આવેલ એકમની એક પ્રેક્ટિસ ટેસ્ટ રાખવામા આવે છે. ટેસ્ટ બદ તેનુ સોલ્યુશન સેશન ગોઠવવામા આવે છે જેમા અઘરા લાગતા પ્રશ્નોનુ નિરાકરણ કરવામા આવે છે.દર અઠવાડિયે NMMS પરિક્ષાની ટેસ્ટ લેવાથી વિદ્યાર્થિઓની શૈક્ષણિક સ્થિતિ જાણી તેને અનુરુપ ઉપચારાત્મક કાર્ય કરાવી શકાય છે. ટેસ્ટ્ની મદદ્થી તેમના આત્મવિશ્વાસમા ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે.





**13**



- ઈનોવેટરનું નામ : નિરવ વી.હિરપરા
- શાળાનું નામ : ભવનાથ પ્રાથમિક શાળા

  તાલુકો : જૂનાગઢ સીટી, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9429114245

## " સામાજીક વિજ્ઞાન બન્યું સહેલું "

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેર તાલુકાની ભવનાથ પ્રાથમિક શાળાના શિક્ષક નિરવભાઈ વી. હિરપરા વર્ષ 2015 થી સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ભવનાથ પ્રાથમિક શાળામાં જોડાયા ત્યારથી જ શિક્ષણ ક્ષેત્રમાં રસ રુચિ વધતી રહે તેવા પ્રયત્નો કરીને કંઈક નવીનતા લાવવાના પ્રયાસો કરે છે. સમસ્યા એ હતી કે વર્ખડમાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ હતો સામાજિક વિજ્ઞાન નો અભ્યાસક્રમ નબળો રહેતો હતો.અને તેના હિસાબે બાળકોમાં સામાજિક વિજ્ઞાનમાં ખૂબ જ નિરસતા જોવા મળી અને એકમ કસોટી સત્રાંત અને વાર્ષિક પરીક્ષા અને ટેસ્ટ મૂલ્યાંકનમાં સુધારો લાવવા માટે અને વર્ગ શિક્ષણ દરમિયાન ગેરહાજર રહેનાર બાળક પણ પ્રશ્ન જવાબ તૈયાર કરી શકે તે માટે સામાજિક વિજ્ઞાનના ધોરણ 6 થી 8 ના સ્વાધ્યાય ના પ્રશ્નો જવાબની એક બુકલેટ તૈયાર કરવામાં આવી. આ પ્રયોગથી એ પરિણામ આવ્યું કે જે વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમથી દૂર ભાગતા હતા તેને સામાજિક વિજ્ઞાનમાં રસ જાગતો થયો. વિવિધ પરીક્ષા અને મૂલ્યાંકન ટેસ્ટમાં સામાજિક વિજ્ઞાનના વિષયમાં માર્કસનો સ્કોર વધ્યો છે. અને માઈગ્રેસન થતા અને ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ માટે આ બુકલેટ ખૂબ જ અસરકારક બની છે.

14

- ઈનોવેટરનું નામ : શ્રી કંચનબેન બી સાંગાણી
- શાળાનું નામ : શ્રી કન્યા શાળા નંબર 4 જૂનાગઢ
  તાલુકો : જૂનાગઢ , જિલ્લો :જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9824067876



## વાલીઓની ( માતાઓની) વ્યસન મુક્તિ

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેરની કન્યા શાળા નંબર 4 ના શિક્ષક શ્રી. કંચનબેન બાબુલાલ સાંગાણી, વર્ષ 2012 થી ભાષાના વિષય શિક્ષક તરીકે ફરજ બજાવે છે. કન્યાશાળામાં જોડાયા ત્યારથી જ શિક્ષણ ક્ષેત્રમાં બાળકોને રસ - રુચિ વધતી રહે તેવા પ્રયત્નો કરીને કંઈક નવીનતા લાવવાના પ્રયાસો કરે છે. ઈનોવેશન ફેરમાં દર વર્ષે જિલ્લા કક્ષાએ પોતાના ઈનોવેશન રજૂ કરે છે. તેના શિક્ષણના નાવિન્યકરણને કારણે શ્રી કન્યા શાળા નંબર 4 જૂનાગઢમાં વિદ્યાર્થીઓની સંખ્યા દિન પ્રતિ -દિન વધતી રહી છે. સંખ્યા વધુ હોવાને કારણે વિદ્યાર્થીઓ તથા વાલીઓની સમસ્યાઓ પણ વધારે હોય છે, એ સ્વાભાવિક છે. ત્યારે એક સર્વે કરતા માલુમ પડ્યું કે ધોરણ 6 થી 8 ની સંખ્યા માંથી 75 થી 80 માતાઓ જુદા -જુદા વ્યસનનોથી આદિ છે, અને તેના સંકોચને કારણે વાલી મિટિંગમાં સામેલ થતી નથી, કે પોતાના બાળકોને જરૂરી શૈક્ષણિક સામગ્રી કે નાસ્તા માટે રકમ આપી શકતી નથી. આ જોઈને માતાઓની વ્યસન મુક્તિનું અભિયાન હાથ ધરવામા આવ્યું. પહેલા તો માતાઓ સાથે ખાનગીમાં ઘરે જઈને મુલાકાત કરી, વ્યસનના ઓપ્શનમાં તેને હર્બલ માવો, હરડે ,આમળા નો મુખવાસ આપીને ઓછું કરવા પ્રયત્ન કર્યા. જેમાં મહદ અંશે સફળતા મળી.જે લાંબા સમયથી મેજર વ્યસની માતાઓ હતી તેને વ્યસન મુક્તિ કેન્દ્રમાં પોતાના ખર્ચે ડોક્ટરનું કાઉન્સેલિંગ કરાવ્યું, દવા અપાવી અને વ્યસન મુક્ત કર્યા .વ્યસન મુક્તિથી બચાવેલી રકમ તે માતાઓ પોતાના બાળકોના હિતમાં ખર્ચ કરી રહી છે, અને આજે પણ આ અભિયાન સારી રીતે ચાલુ જ છે . જેને સારી એવી સફળતા મળી રહી છે, જે તંદુરસ્ત સમાજના ઘડતરમાં ઉપયોગી બનશે.એવી એમને આશા છે.









❖ ઈનોવેટરનું નામ : મયુરકુમાર હરસુખલાલ કવા

❖ શાળાનું નામ : કન્યા શાળા નં.4, જૂનાગઢ.

તાલુકો : જૂનાગઢ શહેર, જિલ્લો : જૂનાગઢ.

❖ મોબાઈલ નંબર : 99132 87087.


## પ્રોજેક્ટ પસ્તીદાન

કન્યા શાળા નં.4માં પ્રોજેકટ પસ્તીદાન દ્વારા “થીંક ગ્લોબલી રન લોકલી” નવા વિચારથી સામુહિક કામ થઈ રહ્યું છે જેમાં કન્યા શાળા નં.4ના ગણિત-વિજ્ઞાનના ઈનોવેટીવ શિક્ષક શ્રી મયુરકુમાર એચ. કવા આ પસ્તીદાન પ્રોજેકટને માર્ગદર્શક શિક્ષક તરીકે આગેવાની સંભાળી રહ્યા છે. આ પ્રોજેકટ પસ્તીદાનના મુખ્ય હેતુઓ અને તેના આશ્ચર્યજનક પરિણામોની વાત ડીજીટલ મીડિયા અને પ્રિન્ટ મીડિયા સુધી પહોંચતા તેની નોંધ TV-9 ગુજરાતી, NEWS-18 ગુજરાતી, સંદેશ ન્યૂઝ જૂનાગઢ, D.D GIRNAR, દિવ્ય ભાસ્કર, GTPL જૂનાગઢ ડીજીટલ ચેનલ અને દિવ્ય ભાસ્કર દૈનિક સમાચારપત્રએ આ તકે લીધી હતી, અમારા આ પ્રોજેકટ પસ્તીદાનના સમાચાર તા.02-10-2022ના દિવ્ય ભાસ્કર દૈનિક સમાચારપત્ર વાચીને જૂનાગઢમાં એમ.જી. રોડ સ્થિત મજમુદારના ડેલામાં રહેતા શ્રી ભરતભાઈ જી. મજમુદારે પોતા પાસે રહેલી ઘરની પસ્તી વ્યવસ્થિત ગોઠવીને પોતે જાતે અમારી સ્કુલે આ પ્રોજેક્ટ પસ્તીદાનમાં પ્રથમ પોતાનું યોગદાન આપી અને લોકભાગીદારીનો ઉત્તમ ઉદાહરણ આપીને અમારા પ્રોજેકટ પસ્તીદાનની ખુબજ સરાહના કરતા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી, આ ઉદાહરણ જોઈને ઘણા બધા લોકોનો સાથ સહકાર મળવા લાગ્યો છે અને પ્રોજેકટ પસ્તીદાનમાં પોતાની ભાગીદારી આપવા તૈયારી બતાવી છે.



જૂનાગઢ ભાસ્કર 02-10-2022

બાળકો નકામા કાગળ એકઠા કરી 1 લાખ રૂપિયાનું સ્ટેશનરી ફંડ બનાવશે

જૂનાગઢવાસીઓને નકામા કાગળ થકી સ્ટેશનરીનું પરોક્ષ દાન આપવા અપીલ

100 કિલો કાગળ એકઠા થઈ ગયા

ફક્ત બાળકોને ઉપયોગી વસ્તુ ખરીદાશે

8માં ધોરણનો છાત્ર કાગળનું દાન લાવ્યો











❖ ઈનોવેટરનું નામ : ડો. કિશોરકુમાર વાલજીભાઈ શેલડિયા
❖ શાળાનું નામ : શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
જીન પ્લોટ પે સે શાળા, ભેસાણ તા. ભેસાણ જિ.જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 9429043627

## શૈક્ષિક વિષયોનું માસવાર અભ્યાસક્રમ પ્રમાણે બાઈન્ડિંગ કરી દફતરનું વજન ઘટાડવું

જૂનાગઢ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષાનો પ્રચાર પ્રસાર કરતાં અને ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ એક જ વ્યક્તિને એનાયત થતાં યુવા ગૌરવ એવોર્ડ - 2019 રાજ્યપાલશ્રીના વરદહસ્તે પુરસ્કૃત એવા જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સરકારી પ્રાથમિક શાળામાં વર્ષ-2011 થી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બતાવતા ડો. કિશોરભાઈ શેલડીયાએ બાળકોના દફતરનું વજન ઘટાડવા માટે એક નવતર પ્રયોગ કર્યો અને જેમાં તેમને ખૂબ મોટી સફળતા મળી.

શાળાઓના બાળકોના દફતરની વજનની સમસ્યાને મીડિયાના માધ્યમથી જાણીને અને આ સમસ્યાના નિરાકરણ માટે ડો. કિશોરભાઈ શેલડીયાએ તેમની શાળામાં એક નવતર પ્રયોગ કર્યો. જેમાં તેમણે પ્રથમ સત્રના સાતે સાત વિષયના પાઠ્યપુસ્તકોને માસવાર આયોજન પ્રમાણે અલગ કરીને બે બે મહિનાના અભ્યાસક્રમને માત્ર બે પુસ્તકમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, ગણિત તથા વિજ્ઞાન અને ટેકનોલોજી વગેરે વિષયને ઢાળીને જાતે જ બાઈન્ડિંગ મશીન શાળામાં વસાવીને માત્ર બે જ પાઠ્યપુસ્તક બનાવીને બાળકોના દફતરની વજનની સમસ્યાનું નિરાકરણ કર્યું અને જેમાં દરેક બાળકે એક પાઠ્યપુસ્તક કે જેમાં તમામ વિષયો માસના અભ્યાસક્રમ પ્રમાણે આવરી લેવામાં આવેલ છે અને વિદ્યાર્થીએ આ એક જ પુસ્તક બે મહિના સુધી લાવવાનું હોય છે. બાળકોના દફતરમાં સૌથી વધારે વજન પાઠ્યપુસ્તકોનો હોય છે જેમાં પણ ગણિત, વિજ્ઞાન અને સમાજ બંને સત્રના સાથે હોય તેથી કિશોરભાઈ શેલડીયા દ્વારા થયેલ આ નવતર પ્રયોગ ખરેખર બાળકો માટે સ્કુલ બેગનું વજન ઘટાડવા માટે ખૂબ જ અસરકારક અને લાભપ્રદ નિવડેલ છે.જેને કારણે બાળકોનું દફતરનું વજન 20% જેટલું થઈ ગયું છે.

બાળકોને પણ વધારે પડતા વજન ઉંચકવામાંથી મુક્તિ મળેલ છે , આનો બીજો ફાયદો એ છે કે બે મહિના સુધી એક જ પાઠ્યપુસ્તક લઈ આવવાનું હોય છે જેને લીધે શિક્ષક પણ અભ્યાસક્રમને લઈને સચેત રહે છે. કિશોરભાઈ શેલડીયાએ પ્રથમ સત્રના તમામ પાઠ્યપુસ્તકોને બે ભાગમાં અને દ્વિતીય સત્રના તમામ પાઠ્યપુસ્તકોને બે ભાગમાં વિભાજીત કરી બાયડીંગ કરીને ખૂબ જ ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા ખરેખર બાળકોના સ્કુલ બેગનું વજન ઘટાડવામા સફળતા મેળવીને ગુજરાત સહિત ભારતના તમામ બાળકો માટે ભગીરથ અને પ્રેરણાત્મક કામ કરેલ છે.તેમના આ નવતર પ્રયોગથી પ્રેરાઈને જી.સી.ઈ. આર.ટી.ના પૂર્વ નિયામકશ્રી ડો.

નલિન પંડિતસાહેબની પ્રેરણાથી પ.પૂ. મુક્તાનંદબાપુ વિદ્યાધામ -ચાપરડાના આનંદધારાના અધિકારીશ્રીઓની એક ટીમ પણ મારા આ ઈનોવેશનની મુલાકાતે શાળામાં આવેલ અને તેમાથી ઘણી શાળાઓમાં આ નવાચારનું ઈમ્પ્લિમેન્ટેશન થવા લાગ્યું છે.

તેમના આ કાર્યને જોઈને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના લેક્ચરરશ્રી ગીતાબેન સેંજલીયા દ્વારા તેમના આ નવતર પ્રયોગને આવકારેલ અને આ નવતર પ્રયોગને NCERTમાં પ્રેઝન્ટેશન કરવા જણાવેલ.











સોરઠ ભાસ્કર

divyabhaskar.com

ભેંસાણની શાળામાં જ મશીન વસાવ્યું, પ્રથમ સત્રના 7 વિષયને બે ભાગમાં વહેંચી બાઈડીંગ કર્યું

# શિક્ષકે 2 માસનાં અભ્યાસક્રમને 2 પુસ્તકમાં જ આવરી લઈ છાત્રોના સ્કુલ બેગનું વજન 10 ટકા જ કરી નાંખ્યું

આ કામગીરીથી ફાયદો શું ?

17



- ઈનોવેટરનું નામ : નિતેષભાઈ જમનાદાસ માથુકીયા
- શાળાનું નામ : શ્રી ખંભાળિયા પ્રાથમિક શાળા

તાલુકો : ભેસાણ , જિલ્લો : જૂનાગઢ

- મોબાઈલ નંબર : 9376844528

## - કોન બનેગા વૈજ્ઞાનિક

- જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાનાં શિક્ષકશ્રી નિતેષભાઈ માથુકીયા વર્ષ 2011 થી વિજ્ઞાન અને ગણિત વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણી વાર બાળકોને વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે સરળ રીતો બનાવે છે.
- રમત દ્વારા વિજ્ઞાન શિક્ષણ તથા ક્વીઝ દ્વારા વિજ્ઞાન શિક્ષણ
- આ રમત ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓને દર સોમવારે રમાડવામાં આવતી હતી
- આ રમત માં માત્ર 10 પ્રશ્નો મૌખિક રીતે પૂછવામાં આવતા હતા.
- આ રમતના કારણે વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય માં રસ પાડવા લાગ્યો હતો
- આ રમત દ્વારા ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ (PAT) અઠવાડિક એકમ કસોટીના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો હતો.
- પહેલા સંકલ્પના કે પ્રશ્નો ના સમજતા વિદ્યાર્થીઓ 47%(74 માંથી 35)
- પછી સંકલ્પના કે પ્રશ્નો ના સમજતા વિદ્યાર્થીઓ 28 %(74 માંથી 21 21)









**18**


- ઈનોવેટરનું નામ : મકવાણા નારણભાઈ એચ.
- શાળાનું નામ : શ્રી વિરોલ પ્રાથમિક શાળા
  તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9979065074




## બાળવાર્તાથી વાંચનનું વાવેતર

બાળવાર્તા આબાલ વૃદ્ધ સૌને સાંભળવી અને વાંચવી ગમે, બાળવાર્તા મારો શોખનો વિષય આ શોખને વાંચન ક્ષમતામાં વધારો કરવા આ નવતર કાર્ય મારી શાળાના ધોરણ 3 થી 5 ના વિદ્યાર્થીઓ માટે કરવા નક્કી કર્યું. જેથી જાણીતી અને સરળ શબ્દોની બાળવાર્તાની પસંદગી કરી, તેના અનુરૂપ શબ્દ ચાર્ટ તૈયાર કરી અ,આ,ઈ,ઈ,ઉ,ઊ, ઉચ્ચારવાળા શબ્દો અલગ કરી આખી શબ્દ માળા રચવામાં આવી જે વર્ગના બાળકોને જે શબ્દ ઉચ્ચારમાં ક્ષતિ જણાતી હતી, તેનો વારંવાર શબ્દ વાંચનો મહાવરો કરાવવામાં આવ્યો. મહાવરાના અંતે વિદ્યાથી આખી બાળવાર્તા વાંચન કરતો થયો.આ અલગ પ્રકારના સાહિત્ય સર્જનથી વિદ્યાર્થીઓને ખુબ રસ પડ્યો, વળી સાથે સાથે નવી નવી વાર્તા સાંભળવા મળી જેથી શ્રવણ શક્તિ સાથે વાંચન તરફ વિદ્યાર્થીઓના આત્મ વિશ્વાસમાં વધારો થયો. સાવ સરળતાથી વાંચન કરતા શીખવ્યું. આ નવતર કાર્યથી શાળામાં ઘણા વિદ્યાર્થીઓનું વાંચન કૌશલ્યમાં નિપુણતા પ્રાપ્ત કરી શક્યા અને શાળાના શિક્ષણ કાર્યની ગુણવતા માં સુધારો થયો.

**19**




- ઈનોવેટરનું નામ : પરમાર રાજુબેન સગરામભાઈ
- શાળાનું નામ : શ્રી શાપુરબારા પ્રાથમિક શાળા

  તાલુકો : માંગરોળ જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 92767 53154


## "રમશે બાળક શીખશે બાળક"

શ્રી પરમાર રાજુબેન સગરામભાઈ, શ્રી શાપુરબારા પ્રાથમિક શાળા (તા. માંગરોળ જિ. જૂનાગઢ) માં આ. શિ. તરીકે ફરજ બજાવે છે.

તેઓએ જાણ્યું કે જૂનાગઢ જિલ્લાના નાઘેર પંથકનો લીલોછમ ધબકાર એટલે માંગરોળ તાલુકો અને માંગરોળ શહેરથી 5 કિમીનાં અંતરે આવેલ દરીયાકાંઠાનું ગામ શાપુરબારા જ્યાં આશરે 3500 માનવવસ્તી ધરાવતા આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય "માછીમારી". અહીના લોકોને પોતાના વ્યવસાયમાં વધારે રસ હોય. વિદ્યાર્થીનું શાળામાં નામાંકન 100 ટકા પણ શાળામાં બાળકો અનિયમિત વધુ રહે. જે ધ્યાને આવતા શાળાના શિક્ષિકા બહેન પરમાર રાજુભાઈ સગરામભાઈ દ્વારા સતત ફોનથી અને રૂબરૂ વાલી સંપર્ક કર્યો. વિદ્યાર્થીઓ શાળામા હાજરી આપે તેવા પ્રયત્નો ચાલુ કર્યા. વિદ્યાર્થીઓ શાળા સમય દરમિયાન પ્રવૃતશીલ રહે તે માટે શાળામા "દેશી રમતો " રમાડવાનું શરુ કરવામાં આવ્યું.

બાળકોની ભાષા અલગ પડતી હોવાથી સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વિવિધ પદ્ધતિઓ તેમજ પ્રવૃતિઓ દ્વારા શિક્ષણકાર્ય સહજ બનાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા જે મુજબ દર શનિવારે પી.ટી.નાં દાવ તેમજ વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિઓ બાલસભામા કરી વિદ્યાથીઓની હાજરી નિયમિત કરેલ છે.

શાળામાં બાળકો દ્વારા વેસ્ટ બરણીમાંથી કુંડા બનાવી વર્ગખંડની બાલ્કનીમાં છોડ રોપી જતન કરવાની પ્રવૃત્તિઓ થઈ રહી છે. જે શાળા માટે આ નવતર પ્રયોગથી સફળતાનાં સંકેત છે. આગામી સમયમાં પણ આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો નિયમિત રહે એવો શાળાનો લક્ષ્યાંક છે.











**20**



- ઈનોવેટરનું નામ : જોરા વિજયકુમાર કે.
- શાળાનું નામ : શ્રી ભાથરોટ પે સેન્ટર શાળા

  તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 98254 12837

## Paper Toys and puzzles

જૂનાગઢ જિલ્લાની માંગરોળ તાલુકાની ઘેડ વિસ્તારમાં આવેલી શ્રી ભાથરોટ પે સેન્ટર શાળામાં સામાજિક વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવતા વિજયભાઈ જોરા ધોરણ છ થી આઠમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષક છે. તેઓ સામાજિક વિજ્ઞાનની પ્રવૃત્તિઓ ખૂબ સારી રીતે કરે છે. તેમજ તેઓ એક સારા ચિત્રકાર હોવાથી વિદ્યાર્થીઓમાં ચિત્રની પ્રવૃત્તિ તેમજ પેપર કટિંગ પ્રવૃત્તિ અને પઝલ દ્વારા બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે માટે શાળામાં જૂન 2022 થી Paper Toys and puzzles બનાવીને બાળકોને ઉત્સાહ સાથે શાળાએ આવવું ગમે તે માટે આવી પ્રવૃત્તિ કરી બાળકોની રસ રુચિ વધે અને બાળકોને બાળમેળો અને લાઈફ સ્કીલ બાળમેળા જેવી પ્રવૃત્તિઓમાં વધુ ભાગીદારી થાય તેવા અથક પ્રયત્નો તેમના દ્વારા કરવામાં આવે છે.

તેઓએ અગાઉ પણ ઈનોવેશનમાં સામાજિક વિજ્ઞાન ધોરણ છ થી આઠના ફોલ્ડિંગ TLM બનાવી જિલ્લા કક્ષાએ રજૂ કરેલા હતા.

પ્રસ્તુતિ ઈનોવેશન દ્વારા બાળકોની સર્જનાત્મક શક્તિ વધે, શાળામાં બાળકોની હાજરી વધે, બાળમેળાની પ્રવૃત્તિમાં બાળકો સારી રીતે પ્રવૃત્તિ રહે તે હેતુથી આ ઈનોવેશનમાં 75 જેટલા Paper Toys and puzzles બનાવીને રજૂ કરેલ છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા રમકડાં પણ સામેલ છે.







Paper toys 02 PDF ફાઈલ

Paper toys 01 PDF ફાઈલ

ઈનોવેશન વિડીયો

**21**



❖ ઈનોવેટરનું નામ : મેર પ્રજેશકુમાર મહેશભાઈ
❖ શાળાનું નામ : આંત્રોલી પે.સેન્ટર શાળા
તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : 6357176551

## આત્મકથા દ્વારા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિમાં સ્વતંત્રતા અને આત્મવિશ્વાસમાં વધારો

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આંત્રોલી પે સેન્ટર શાળામાં મેર પ્રજેશકુમાર મહેશભાઈ ગણિત વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. થોડો સમય વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ અને સ્વતંત્ર વિચારોનો અભ્યાસ કર્યો અને નોંધ્યું કે બાળકોમાં આત્મવિશ્વાસનો અભાવ હતો અને તેના વિચારોને વાચા મળે એ માટે માર્ગદર્શનની જરૂર હતી.

શાળા પાસે બાળકોનાં વહિવટી કક્ષાએ તમામ રેકોર્ડ હોય છે. જેમ કે નામ, જાતિ, જન્મતારીખ, ઊંચાઈ, વજન વગેરે પણ તેની ભાવનાઓ, લાગણીઓ, ચિંતાઓ, ધ્યેયો, ભય, સંબંધોને લગતી કોઈ નોંધ હોતી નથી. ખરેખર તો શાળાને આ બધી બાબતોની શિક્ષણકાર્યમાં ખૂબ ઉપયોગી છે.

આ બાળકોને સમજવા માટે શરૂઆતમાં ચારથી પાંચ મહિના જેટલો સમય લાગ્યો. તેઓનાં મનમાં પડેલા ભય, ચિંતા અને એકલતાની લાગણીઓને કેવી રીતે બહાર લાવવી એ સમસ્યા હતી. બાળકો જયાં સુધી વ્યકત ન થાય ત્યાં સુધી શિક્ષણની પ્રક્રિયા અધૂરી રહે. બાળકો પોતાની ભાવનાઓને, લાગણીઓને કેવી રીતે વ્યકત કરે તો તેના હૃદય સુધી પહોંચી શકાય? બસ આ વિચારે પ્રજેશભાઈએ વિધાર્થીઓનાં લાગણીઓ તથા ભાવનાઓ જાણવા માટેની પ્રશ્નાવલી રચી, જેમાં વીસ જેટલાં પ્રશ્નો અલગ-અલગ સમયે પૂછ્યાં. એવાં જ પ્રશ્નો પૂછ્યાં જેમાં મુક્ત અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે. સ્થાનિક જરૂરિયાતને અનુરૂપ વિધાર્થીઓને પ્રાર્થના પહેલાંના ઝીરો પિરીયડમાં એકાદ કલાક સુધી પ્રશ્નોનાં સંપૂટ આપ્યાં . આ પ્રશ્નો એક સાથે આપવાનાં બદલે અલગ-અલગ સમયે આપવામાં આવ્યાં, તેમજ એક સાથે પ્રશ્નો આપવાનાં બદલે બે-ત્રણનાં જૂથમાં પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતા. તેનાં જવાબોનો સંગ્રહ કરવામાં આવ્યો.

તેમની પ્રશ્નાવલીમાં બાળકોને નીચેનાં જેવાં પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

➢ વિદ્યાર્થી જીવનકાળ દરમિયાન તમે કયો અભ્યાસક્રમ કરીને કઈ કારકિર્દી બનાવવા માંગો છો તેના વિશે તમારો સ્વતંત્ર વિચાર જણાવો.
➢ ભવિષ્યમાં તમારી શું બનવાની ઈચ્છા છે તે વિશે તમારો સ્વતંત્ર વિચાર જણાવો.
➢ તમારા જીવનમાં મેળવેલી સિદ્ધિઓ વિશે જણાવો તથા ભવિષ્યમાં મેળવવા માગતા સિદ્ધિઓ વિશે તમારો સ્વતંત્ર વિચાર જણાવો.
➢ તમારા વિશે ગમતી બાબતો વિશે સ્વતંત્ર રીતે વ્યક્ત કરો.

- તમારા વિશે ન ગમતી બાબતો વિશે સ્વતંત્ર રીતે વ્યક્ત કરો.
- તમારા માતા પિતા પ્રત્યેની તમારી લાગણીઓને વ્યક્ત કરો.
- તમારા ભાઈ બહેન તથા મિત્ર પ્રત્યેની તમારી લાગણી વ્યક્ત કરો.
- તમારા જીવનની પ્રિય વ્યક્તિ અથવા આદર્શ વ્યક્તિ વિશે જણાવો અને તેમના કયા ગુણો તમારા હૃદયને સ્પર્શી ગયા તે વિશે જણાવો.
- તમારા જીવનની યાદગાર ઘટના કે કોઈ ક્ષણ વિશે યાદ કરીને જણાવો.
- તમારી શાળા વિશે તમારા વિચારો વ્યક્ત કરો અને જો કોઈ ફેરફાર કરવો હોય તો તમારો સ્વતંત્ર વિચાર રજૂ કરો.
- જીવનમાં આગળ વધવા ઉચ્ચ શિખરો સર કરવા તથા સારી વ્યક્તિ બનવા તમારું શું આયોજન છે એ બાબતે તમારા સ્વતંત્ર વિચારો વ્યક્ત કરો.

આ પ્રશ્નોના અભ્યાસથી વિદ્યાર્થીઓના ભય, ચિંતા, અરસપરસનાં સંબંધો, તેને ગમતી અને ન ગમતી બાબતો, તેની સિદ્ધિઓ વિશેની માહિતી પ્રાપ્ત થઈ અને તેઓને સમજવાની શરૂઆત થઈ. વિધાર્થીઓનાં હૃદય સુધી પહોંચ્યા વિના માત્ર વિષયવસ્તુનું શિક્ષણ ઉપયોગી નથી.

ધીમે ધીમે પછી બાળકોને મુકત અભિવ્યક્તિની છૂટ આપવામાં આવી. મુકત અભિવ્યક્તિથી વિધાર્થીઓનો આત્મવિશ્વાસ વધ્યો, કલ્પનાશીલતા, સર્જનાત્મકતા વધી. તેઓ મૌલિકતાથી અન્ય વિષયોમાં ઉત્તરો આપતા થયાં તે ખૂબ મોટી સિદ્ધિ ગણાય.

હાલમાં બાળકોની લાગણીઓ, ભય, ચિંતાઓ, સિદ્ધિઓ, ગમતી-ન ગમતી બાબતો કોઈ માનાંક નથી. કોઈ પ્રમાણિત ટુલ્સની મદદથી માપન પણ થયું નથી. પણ તેમની પાસે તેનાં લખાણોની હસ્તપ્રત છે. જે પ્રજેશભાઈ માટે દીવાદાંડી સમાન છે. તેનો અભ્યાસ તેમને બાળકોને સમજવામાં ઉપયોગી સાબિત થયો છે.

આમ, બાળકોની વૃત્તિઓને યોગ્ય દિશા આપી, સમજાવવાને બદલે "સમજવા" માટે અને એ દ્વારા વિદ્યાર્થીઓનાં હૃદય સુધી પહોંચવા માટેનાં પ્રયાસ તરીકે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. પ્રજેશભાઈ બહુ નમ્ર સ્વરે કહે છે કે, હજુ માત્ર છ મહિના થયા હોવાથી હું વિદ્યાર્થીઓને બરાબર ઓળખી શક્યો છું તેમ ન કહી શકાય, સમજવાનું કામ હજુ અટકયું નથી.

QR CODE OF VIDEO

22




❖ ઈનોવેટરનું નામ : સિંધવડ રશ્મિ જી.

❖ શાળાનું નામ : શ્રી બંદર પ્રા.શાળા

તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9909084075


## એપ્લિકેશન દ્વારા વિજ્ઞાનની મોજ

➢ બંદર પ્રાથમિક શાળામાં બાળકોને વિજ્ઞાન વિષયના કઠિન મુદ્દાઓને સમજવામાં મુશ્કેલી પડતી તથા વર્ગખંડમાં શીખવા શીખવવાની પ્રક્રિયા ધીમી લાગતી. આથી શિક્ષણની પ્રક્રિયા ઓછી રસપ્રદ જણાતા બાળકોને ટેકનોલોજી દ્વારા વૈજ્ઞાનિક સમજૂતી આપવામાં આવે તો તેઓ સચોટ જ્ઞાન મેળવશે. શીખેલુ જ્ઞાન લાંબા સમય સુધી યાદ રાખી શકશે અને વ્યવહારમાં તેનો ઉપયોગ કરી શકશે. એ હેતુથી આ નવતર પ્રવૃત્તિનો ખ્યાલ આવ્યો.

➢ આથી સૌ પ્રથમ બાળકોને વિજ્ઞાનના કઠિન મુદ્દાની માહિતી આપવામાં આવે અને સાથે સાથે મોબાઈલ એપ merge explorer દ્વારા 3D રચનાથી સમજૂતી આપી.ત્યારબાદ પ્રશ્નોત્તરી કરી મૂલ્યાંકન કરતા જાણવા મળે છે કે વર્ગના મોટાભાગના બાળકોને 3D દ્વારાસમજવામાંઉત્સાહ જોવા મળે છે. વિદ્યાર્થીઓ સ્વ કાર્ય જાતે કરતા થયા છે. બાળકો સ્માર્ટફોનમાં આ એપનો ઉપયોગ કરી જાતે જ્ઞાન મેળવતા થયા છે. અને શૈક્ષણિક ક્ષમતામાં વધારો થયો છે.





QR CODE OF VIDEO

23



- ઈનોવેટરનું નામ : કણસાગરા મનિષકુમાર મોહનલાલ
- શાળાનું નામ : શ્રી પીપલાણા પ્રાથમિક શાળા

  તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9409404940

## ખૂણાઓની ખોજ

જૂનાગઢ જિલ્લાની માણાવદર તાલુકાના પીપલાણા પ્રાથમિક શાળામાં કણસાગરા મનિષકુમાર મોહનલાલ વર્ષ 2016 થી ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓનું માનવું છે કે ગણિત વિષયના શિક્ષણ વખતે વિદ્યાર્થીઓમાં જરૂરી ગુણ જેવાકે તર્કશક્તિ, નિર્ણયશક્તિ, અંદાજ, અનુમાન, માપનમાં ચોક્સાઈ, આંતરસૂઝ વગેરે જેવી શક્તિનો વિકાસ જરૂરી છે.અને તેમાં પણ માપન કરતી વખતે ચોક્સાઈનો ગુણ ખૂબજ જરૂરી છે.તેમને શિક્ષણકાર્ય દરમિયાન જોવા મળ્યું કે શાળાના ઘણાખરા બાળકોને ખૂણાને ઓળખવામાં ભૂલ થાયછે અથવા સમજ્યા બાદ ભૂલી જાય છે, ઘણા બાળકોને ખૂણાઓને કોણમાપક વડે યોગ્ય રીતે માપન કરવામાં મુશ્કેલી પડે છે. તેઓ માપન ચોક્સાઈ પૂર્વક કરી શકતા ન હતા, આ સમસ્યાના નિવારણ માટે તેમણે એક મોડલનું નિર્માણ કર્યું. જેમાં હાર્ડબોર્ડ પર એક કોણમાપક દોરેલ ફ્લેક્સ બેનર લગાવી તેના $0^\circ$ થી $180^\circ$ સુધીના અંકો પર નટ-બોલ લગાવી દીધા અને કોણમાપકના અર્ધચંદ્ર પર પણ એક નટ-બોલ લગાવી દીધા. આ મોડલ દ્વારા વિદ્યાર્થીઓને તે નટ-બોલમાં રબર લગાવીને ખૂણાના પ્રકાર જેવા કે લઘુકોણ, કાટકોણ અને ગુરુકોણની સરળતાથી સમજ આપી અને પુઠામાંથી બનાવેલ ત્રિકોણના વિવિધ નમુનાઓ દ્વારા તે નમૂનાઓને મોડેલમાં કોણમાપક ની ઉપર મૂકી ખૂણાનું માપન કેવી રીતે કરવું તે શીખવ્યું. અત્યારે વિદ્યાર્થીઓ પોતાની જાતે આ મોડેલનો ઉપયોગ કરી પ્રવૃત્તિ દ્વારા સરળતાથી ખૂણાઓની સમજ મેળવતા થયા અને ખૂણાઓનું માપન પણ ચોક્સાઈ પૂર્વક કરતા થયા.

હાલ વિદ્યાર્થીઓજ અન્ય વિદ્યાર્થીઓને ખૂણાનું માપન કેવી રીતે કરવું તે શીખવી દે છે અને હવે મોટા ભાગના વિદ્યાર્થીઓ કોઈપણ ખૂણાઓનું માપન કોણમાપક દ્વારા ચોકસાઈપૂર્વક કરી શકે છે, અને વિદ્યાર્થીઓનો ગણિત પ્રત્યે રસ અને રુચિમાં પણ વધારો જોવા મળ્યો.







SCAN ME

24



- ઈનોવેટરનું નામ : યતીન ગોપાલભાઈ વસાણી
- શાળાનું નામ : શ્રી પ્લોટ પ્રાથમિક શાળા - બાંટવા
  તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9998010865

## હાજરીનો રંગ રમતને સંગ

માણાવદર તાલુકાની શ્રી પ્લોટ પ્રાથમિક શાળા બાટવામાં ગણિત વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે શ્રી યતિનભાઈ જી વસાણી ની નિમણૂક થઈ ત્યારે શાળામાં રૂમની ઘટ હોવાથી શાળા બે પાળીમાં ચાલતી હતી. ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ સવાર પાળીમાં હાજરી આપતા. પરંતુ શાળા ખૂલે ત્યારે વિદ્યાર્થીઓની ખૂબ જ પાંખી હાજરી જોવા મળતી. જુલાઈ 2022 થી નવતર પ્રયોગ તરીકે "હાજરીનો રંગ રમતને સંગ " નું અમલીકરણ શરૂ કરવામાં આવ્યું. આ પ્રયોગમાં શાળામાં રિસેસ દરમિયાન શિક્ષક શ્રી યતીનભાઈ જી. વસાણી બાળકો સાથે રમત રમતા હતા. પરંતુ જે બાળકો શાળા ખૂલે ત્યારે હાજર હોય માત્ર તેમને જ રમતમાં ભાગ લેવાની અનુમતિ મળતી હતી. પૂરા અઠવાડિયા દરમિયાન બાળકોને એક જ રમત રમાડવામાં આવતી હતી. નવા અઠવાડિયે નવી રમત રમાડવામાં આવતી અઠવાડિયાના અંતે જે બાળકનું રમતમાં સારું પ્રદર્શન હોય તેમને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવતું હતું. બાળકોમાં રમત પ્રત્યે સારું એવું આકર્ષણ જોવા મળ્યું. જેના પરિણામ સ્વરૂપ મોટાભાગના બાળકો શાળામાં નિયમિત આવતા થયા.  બાળકો નવી નવી રમતો પ્રત્યે જ્ઞાન મેળવતા થયા. બાળકોમાં સમય પાલનનો ગુણ પણ વિકસ્યો.











**25**



- ઈનોવેટરનું નામ : ભુત પ્રિયંકાબેન રતિલાલ
- શાળાનું નામ : મટિયાણા પ્રા. શાળા

  તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9428015178

## CREATIVITY WITH JOYFUL LEARNING

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના શિક્ષિકા શ્રીમતી પ્રિયંકાબેન રતિલાલ ભુત મટીયાણા પ્રાથમિક શાળામાં વર્ષ 2014 થી ભાષાશિક્ષિકા છે. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિઓ દ્વારા ભાષાશુદ્ધિ કેળવે તેમજ બધી ભાષાઓ સરળતાથી શીખી શકે તેવા તેમના પ્રયત્નો સતત રહ્યા છે. આજે સતત પરિવર્તનશીલ અનેપ્રગતિશીલ યુગમાં વિદ્યાર્થીઓ બધી જ ભાષાઓ પર વધુ પકડ મેળવે તે ખૂબ જ ઉપયોગી છે. પાયાથી જો તેમની ભાષા શુદ્ધ અને ઉચ્ચારણ સ્પષ્ટ બનાવવામાં આવે તે માટે બાળકોને પ્રવૃત્તિઓ દ્વારા આનંદમયી શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓનો પાયો મજબૂત બને અને તેના ઉત્સાહમાં પણ ઉતરોતર વધારો થાય તેવા પ્રયાસ તેમના દ્વારા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ સરળતાથી શબ્દ અથવા સ્પેલિંગ ઉચ્ચારણ કરે તે માટે આ નવતર પ્રયોગ કર્યો. તે માટે વિવિધ સ્પેલિંગ, શબ્દરમત, વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિઓ, ફ્લેશકાર્ડ, રમતો, નાના સંવાદોની ભજવણી, વિવિધ શારિરીક પ્રવૃત્તિઓ કરાવીને, અંગ્રેજીમાં ટૂંકમાં પરિચય આપવાની રમત રમાડીને, માયસેલ્ફ પરિચય અપાવીને, રૂઢિપ્રયોગ, કહેવતો જેવી શબ્દ અંતાક્ષરી રમાડીને, સમય બોલાવવાની રમત, અંક પરિચય, સ્પેલિંગ પૂર્તિ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આનંદમય વાતાવરણમાં શીખવાનું સરળ બનાવ્યું. પરિણામે યાદશક્તિ અને જ્ઞાનમાં વધારો જોવા મળ્યો. આ આનંદમયી પ્રવૃત્તિઓ દ્વારા આત્મવિશ્વાસ, શબ્દભંડોળમાં ઉતરોતર વધારો જોવામળ્યો. સરળતાથી ઉચ્ચારણ કરતા થયા. તમામ વિદ્યાર્થીઓ પ્રવૃતિઓમાં ભાગ લેતા થયા. ભાષા શીખવામાં રસ રુચિ વધી. નવરાશની કે શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓ જાતે કરેલ પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ રમતો રમતા થયા. ભાષાશુદ્ધિ પર પકડ જોવા મળી. નાના સંવાદો અને જાત પરિચય આપી અંગ્રેજીમાં પરસ્પર વાતચીત કરતા થયા.





**26**




- ઈનોવેટરનું નામ : ભૂત દિપાવલીબેન કે
- શાળાનું નામ : કતકપરા પ્રાથમિક શાળા

તાલુકો : માણાવદર ,જિલ્લો :જૂનાગઢ

- મોબાઈલનંબર : 9712357267


## વિજ્ઞાનમાં કલાપ્રયોગ

શિક્ષકદિનના દિવસે જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં કતકપરા પ્રાથમિક શાળામાં 2011 થી શિક્ષક તરીકે સેવા આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. શરૂઆતમાં બાળકોને કહીએ કે વિજ્ઞાન અને ગણિત હું લઈશ તો બાળકોના ચહેરાના હાવ ભાવ બદલાતા જોયા ધીમે ધીમે પાયે થી શરૂ કર્યું જે કચાશ હતી તે શોધી શોધી દૂર કરવાની કોશિશ કરી તેમાં એકમ કસોટી કે સત્રાંત પરીક્ષાઓમાં જોયું કે બાળકોને વિજ્ઞાન વિષયમાં આકૃતિ જોઈ લે છે પરંતુ જ્યારે દોરવા કે નામ નિર્દેશ કરવાનો આવે તો ભૂલો થતી હતી હવે તે માટે વધુ સમય લાવો ક્યાંથી? તે માટે ચિત્રના તાસમાં સમય લઈ આકૃતિ દોરતા કર્યા ત્યારે ઘરેથી દોરી લાવવાનું કહ્યું તો ક્યારેક જે બાળકને ચિત્ર સારું આવડતું હોય તે બીજાને શીખવે આ રીતે વિજ્ઞાન વિષયમાં વધુ રસરુચી વધે તેમજ ચિત્રનો વિજ્ઞાન વિષય સાથે અનુબંધ થઈ બાળકોને કલા સાથે સરળતાથી વિજ્ઞાન વિષય શીખવા મળે.





- ઈનોવેટરનું નામ : મકવાણા મનીષાબેન મંગાભાઈ
- શાળાનું નામ : કોડવાવ પ્રાથમિક શાળા
  તાલુકો : માણાવદર , જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 8154000251

- નવતર પ્રયોગનું શિર્ષક : LEARN WITH FUN IN MATHS

## સ્ટોરી


પ્રવર્તમાન સમયમાં શિક્ષણએ "વિદ્યાર્થી કેન્દ્રી" બન્યું છે. અસરકારક શિક્ષણ ત્યારે જ શક્ય બને જ્યારે વિદ્યાર્થીને અધ્યન તરફ આકર્ષી શકાય.આમ,ગણિત વિષયમાં વિવિધ ગાણિતિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થી પોતાની જાતે કંઈક નવીન બનાવી શકે આ ઉપરાંત અધ્યયન કાર્યમાં તેનો બહોળો ઉપયોગ કરી શકે.મારી શાળામાં રિસેસની નવરાશની પળોમાં સેલ્ફ લર્નિંગ દ્વારા વિવિધ ગાણિતિક રમતો રમી શકે અને સમજી શકે. આમ, ગણિત પ્રત્યે રસ રુચિ કેળવાય અને આત્મવિશ્વાસમાં વધારો થાય.

આમ વિવિધ ગાણિતિક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં એકાગ્રતા, તર્કશક્તિમાં વધારો જોવા મળ્યો. આ ઉપરાંત વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં પણ સુધારો થયો અને શિક્ષણની પ્રક્રિયા રસપ્રદ બની. આમ વિવિધ પ્રવૃત્તિઓ કરવાથી તેમનામાં કલ્પના શક્તિ અને વિચાર શક્તિનો પણ ખૂબ જ વધારો જોવા મળ્યો.







28


- ઈનોવેટરનું નામ : મારવણીયા વૈશાલીબેન જે.
- શાળાનું નામ : શાંતિપરા સીમ નં - 1

તાલુકો : માળિયા (હાટીના), જિલ્લો : જૂનાગઢ

- મોબાઈલ નંબર : 9662384284




## પ્રભુતામાં પગલાં

જૂનાગઢ જિલ્લાની માળિયા તાલુકાની શ્રી શાંતિપરા સીમ શાળા નં - 1 માં પ્રાથમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ બાળકોને હમેશાં વિવિધ પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ અઘરા લાગતા વિષય કે મુદ્દાને સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે. આ ઈનોવેશનમાં તેઓએ અંગ્રેજી વિષય બાળકો સુધી સરળતાથી પહોંચે એ માટે વિવિધ TOYS બનાવેલા છે.

તેઓએ બાળકોને અગ્રેજીમાં બોલતા કરવાની શરૂઆત કરવા માટે વર્ગખંડની હાજરીમાં એક માસ સુધી દરેક વિદ્યાર્થીને એક શબ્દ આપેલ હોય. જે શબ્દને બાળક વારંવાર બોલે અને તેને આધારે બે કે ત્રણ વાક્યો પણ બોલતા થાય એવો શિક્ષકનો આશય છે.

આ ઉપરાંત વિવિધ TOYSમાં તેમણે સાપ સીડી, તિન પતિ રમત, ક્યુબ, અને અન્ય રમકડાંઓ પણ બનાવ્યાં છે. જેની મદદથી બાળકો પશુ, પક્ષી, આકારો, રંગો, વાહનો, અન્ય આસપાસની વસ્તુઓ વગેરેના સ્પેલિંગ, WH ના પ્રશ્નો, વિરોધી શબ્દો, એક વચન, બહુ વચન વગેરે જેવા શબ્દોનું અંગ્રેજીમાં સારી રીતે ઉચ્ચારણ કરતાં થયા છે. તેને સમજતા થયા છે. હાલમાં દરેક બાળકો જૂથમાં કે વ્યક્તિગત રીતે કામ કરે છે. આથી બાળકો સારી રીતે અર્થગ્રહણ અને મૌખિક અભિવ્યક્તિ કરી શકે છે. હાલમાં પણ આ કામગીરી વર્ગમાં કાર્યરત છે.









29




❖ ઈનોવેટરનું નામ : બગડા નીતાબેન દિનેશભાઈ

❖ શાળાનું નામ : ગડુ પે સેન્ટર શાળા

તાલુકો : માળીયા હાટીના જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9638425899 ઈમેલ આઈડી : ndbagda@gmail.com


## Innovative Attendance and Map Activities

નીતાબેન માળીયા હાટીના તાલુકાની ગડુ પગાર કેન્દ્ર શાળામાં ધોરણ 6 થી 8 માં સામાજિક વિજ્ઞાન વિષય ભણાવે છે. ધોરણ 6 ના તેઓ વર્ગ શિક્ષક છે. ધોરણ 6 ના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષય નવો હોવાથી તેમાં રસ પડતો ન હતો અને નકશાપૂર્તિ પણ આ બાળકો માટે નવો વિષય હતો. રાજ્યોનાં, રાજધાનીનાં, જિલ્લાનાં, કેન્દ્રશાસિત પ્રદેશોનાં નામ બાળકો યાદ રાખી શકતા નહોતા. નકશામાં સ્થળો દર્શાવવામાં ભૂલો કરતા હતા. વારંવાર યાદ કરાવવા છતા બધાં નામો આડા અવળા બોલતા હતા. આ સમસ્યાને ધ્યાનમાં રાખી તેઓને એક નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો.

આ નવતર પ્રયોગ અંતર્ગત રાજ્ય, રાજધાની, જિલ્લા, તાલુકા, કેન્દ્રશાસિત પ્રદેશોના નામનાં ફ્લેશ કાર્ડ બનાવવામાં આવ્યા. આ કાર્ડને જુદા જુદા બોક્સમાં મુકવામાં આવ્યા. શિક્ષક જ્યારે એટેન્ડન્સ પુરે ત્યારે વિદ્યાર્થીઓ એક અઠવાડિયું રાજ્યનાં કાર્ડના બોક્સમાંથી રાજ્યનું કાર્ડ હાથમાં રાખી "yes teacher" નાં બદલે કાર્ડમાં લખેલ રાજ્યનું નામ બોલશે. આ રીતે બીજા અઠવાડિયે રાજધાની, ત્રીજા અઠવાડિયે જિલ્લાના કાર્ડ લે છે. આ રીતે નવચાર સાથે વિદ્યાર્થીઓની હાજરી પૂરાય છે. બાળકો નિયમિત કાર્ડ વાચે છે. જેથી તેમની વારંવારની ભૂલોમાં સુધારો થવા લાગ્યો. આ નવતર પ્રયોગ વધુ રસપ્રદ બનાવવા માટે કાર્ડની સાથે નીતાબેનને નકશાઓ જોડવાનો વિચાર આવ્યો. આ માટે તેમણે સ્વખર્ચે માત્ર આઉટલાઈન કરેલા ભારત, ગુજરાત અને જૂનાગઢનાં બ્લેન્ક નકશાઓ તૈયાર કરાવ્યા. જેમાં વિદ્યાર્થીઓ જાતે જ ચોકથી રાજ્યોના, જિલ્લાના નામ જેવા વિવિધ સ્થળો દર્શાવવા લાગ્યા. નીતાબેને નકશાપૂર્તિને લગતી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ બાળકોને શીખવી. જેમ કે ત્વરિત આપેલ સ્થળનું સાચું નામ દર્શાવનાર વિજેતા બને, આપેલ જિલ્લાના સ્થળો, નદીઓનાં નામ નકશામાં દર્શાવવા, આપેલ રાજ્યની રાજધાની દર્શાવવી વગેરે..

આ નવતર પ્રયોગનાં મૂલ્યાંકન માટે વિદ્યાર્થીઓ પાસે દર મહિને નકશાપૂર્તિની કસોટી લેવામાં આવી. આમ આ નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓ નકશાપૂર્તિમાં પારંગત બન્યા.

વિદ્યાર્થીઓ સરળતાથી માહિતી યાદ રાખતા થયા. આ પ્રયોગથી વિદ્યાર્થીઓ જુદા જુદા નકશાઓ ઓળખી શકે છે તેમજ ફ્રી સમયમાં જાતેજ નકશાઓ નિહાળી વિગતો યાદ કરે છે.

હાલ આ નવતર પ્રયોગ શાળામાં કાર્યરત છે.





30

❖ ઈનોવેટરનું નામ : કેયુરભાઈ મહીપતભાઈ કનેરીયા
❖ શાળાનું નામ : શ્રી બોડી પ્રા. શાળ
તાલુકો : માળિયા હાટીના, જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલનંબર : 9427502310



## Magic Of 3G (Grammar, Game and Graspings

જૂનાગઢ જિલ્લાની માળિયા હાટીના તાલુકાની શ્રી બોડી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શ્રી કેયુરભાઈ મહિપતભાઈ કનેરિયાને અંગ્રેજી વ્યાકરણ શીખવતી વખતે જોવા મળ્યું કે વિદ્યાર્થીઓ મુદ્દાઓ યાદ રાખી શકતા નથી તેમજ નીરસ બની જાય છે આ માટે શું પગલાં લઈ શકાય? તેવું વિચારતા આ નવતર પ્રયોગ અસ્તિત્વમાં આવ્યો.

આ માટે કેયુરસર વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણના મુદ્દાઓ શીખવે છે જેમ કે Tenses, Degree Of Comparison and Question Tag વગેરે ત્યારબાદ આ જ મુદ્દાઓને તેને અનુરૂપ રમતોમાં ઢાળે છે જેમ કે TV Screen કે Computer Screen માં ખાલી જગ્યાઓ કે વિકલ્પો કે અન્ય સ્વરૂપમાં બતાવે છે. વિદ્યાર્થીઓની ટુકડી બનાવી તેના નામ આપે છે અને ગુણાંકન કરે છે જેમ કે A અને B ટીમ. પછી કોઈપણ ખાલી જગ્યાનો જવાબ પૂછે છે અને સાચા જવાબ આપનાર ટીમને Point આપે છે અને પ્રવૃત્તિના નિર્ધારિત કરેલ સમય પછી વિજેતા ટીમ જાહેર કરે છે. આમ કરવાથી હવે પછી અન્ય ટીમ વિજેતા બનવા પ્રયત્ન કરે છે અને વધારે રસ પૂર્વક મુદ્દાઓ શીખવા પ્રયત્ન કરે છે અને Gameની રાહ જોવે છે. આ રીતે સફળતાપૂર્વક બાળકોને કોઈપણ મુદ્દા ઉપર રસ લેતા કરવામાં આવ્યા અને કોઈપણ મુદ્દાને મગજમાં ઉતારવા આ નવતર પ્રયોગના ખૂબ સારા પરિણામ જોવા મળ્યા અને આ રીતે અન્ય વિષયો અને મુદ્દાઓ માટે આ પ્રયોગ પ્રેરણા રૂપ છે.

SCAN ME

31




- ઈનોવેટરનું નામ : લાડાણી રિંકલકુમાર કાનજીભાઈ
- શાળાનું નામ : વડાળા પ્રાથમિક શાળા- વડાળા

  તાલુકો : માળીયા હાટીના જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 99798 58209



## રમતા-રમતા રાસાયણિક સૂત્રો બનાવીએ.

વડાળા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા લાડાણી રિંકલકુમારને ધોરણ સાત અને આઠના વર્ગખંડમાં વિજ્ઞાન વિષયમાં શિક્ષણકાર્ય કરતી વખતે જાણવા મળ્યું કે, આ ધોરણના બાળકો સંયોજકતા સમજી શકતા નથી. જેને કારણે બાળકો રાસાયણિક સૂત્રો અને રાસાયણિક સમીકરણ ગોખે છે અને સરળતાથી લખી શકતા નથી કે બનાવી શકતા નથી, તેમજ તેને યાદ રાખી શકતા નથી.

આ સમસ્યાના નિવારણ માટે તેઓને "વિવિધ સંયોજકતા ધરાવતા કાર્ડ" બનાવવાનો વિચાર આવ્યો. આ માટે અનેક અંદર - બહાર ખાંચાવાળા કાર્ડ બનાવવામાં આવેલા. જેમાં ધન આયનોમાં, +1 સંયોજકતા માટે એક બહાર નીકળતી ખાંચ, +2 સંયોજકતા માટે બે બહાર નીકળતી ખાંચ, +3 સંયોજકતા માટે ત્રણ બહાર નીકળતી ખાંચ અને +4 સંયોજકતા માટે ચાર બહાર નીકળતી ખાંચ આજ રીતે ઋણ આયનોમાં -1 સંયોજકતા માટે એક અંદર તરફ રહેલી ખાંચ, -2 સંયોજકતા માટે બે અંદર તરફ રહેલી ખાંચ અને -3 સંયોજકતા માટે ત્રણ અંદર તરફ રહેલી ખાંચ ધરાવતા અનેક સંયોજકતા કાર્ડ બનાવવામાં આવેલા અને તેમાં રહેલી ખાંચને આધારે સંયોજકતા શીખવવામાં આવી.

આ રીતે બાળકો કાર્ડને જોયને સંયોજકતા સરળતાથી યાદ રાખવા લાગ્યા, આ સંયોજકતાનો ઉપયોગ કરી સરળતાથી રાસાયણિક સૂત્રો બનાવતા થયા. આ રાસાયણિક સૂત્રોનો ઉપયોગ કરી વિવિધ રાસાયણિક સમીકરણ પણ પોતાની જાતે બનાવતા થયા.

આ નવતર પ્રયોગને અંતે આશરે ધોરણ સાત અને આઠનાં 90% બાળકો પોતાની રીતે સરળતાથી રાસાયણિક સૂત્રો અને રાસાયણિક સમીકરણ બનાવતા થયા, અને તેઓ ગોખણપટ્ટી કરતાં બંધ થયા.








- ઈનોવેટરનું નામ : સાંગિયા કલ્પેશ અનંતભાઈ
- શાળાનું નામ : ચંદ્રનગર પ્રા.શાળા

તાલુકો : માળિયા, જિલ્લો : જૂનાગઢ

- મોબાઈલ નંબર : 8141596931


## મારી પ્રશ્નરચના

જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના કુદરતી વાતવરણમા નવા વાંદરવડ ગામે શ્રી ચંદ્રનગર પ્રા શાળા આવેલી છે. ચંદ્રનગર પ્રા. શાળામા વિધાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત વિષય અનુરુપ વિષય શિક્ષણ અભ્યાસ કરાવતી વખત વિધાર્થીઓને અમુક મુદાઓ સમજવામા તથા યાદ રાખવામાં તેમજ તેની રજૂઆત કરવામા ઘણી મુશ્કેલીઓ અનુભવાતી આ મુશ્કેલીઓને દુર કરવા માટે શ્રી ચંદ્રનગર પ્રા.શાળામા ફરજ બજાવતા શ્રી કલ્પેશભાઈ અનંતભાઈ સાંગિયાને નવિન પ્રવુતિ કરવાનો વિચાર આવ્યો. તેની પ્રેરણા પણ એક બાળક પાસેથી જ મળી આ ઉપરાંત આપણો સૌથી જુનો વેદ ઋગવેદ જેમા એક હજાર થી વધારે ઋચાઓ છે. ઋચાઓના સમુહને સૂક્ત કહેવામાં આવે છે. તે સમયે આચાર્ય વિધાર્થીઓને ઋચાઓને શબ્દોમાં વહેચી સ-સ્વર ગાન કરાવીને નિત્ય પાઠ કરાવતા હતા. તેની પ્રેરણા સ્વરુપ આ મુશ્કેલીઓને દુર કરવા માટે નવિન પ્રવુતિ કરવાનું વિચારવામાં આવ્યું. વિધાર્થીઓ વિષય અનુરુપ જાતે પ્રશ્નોના જવાબની જુથ ચર્ચા કરે. અંર્તમુખી વ્યક્તિત્વ ધરાવતા બાળકો પણ આ પ્રશ્નો મૌખીક રીતે સાંભળી પ્રશ્નોને શ્રવણ કરી પ્રશ્નોનાના જવાબ યાદ રાખી શકે છે. આ પ્રવુતિથી શાળાના તમામ બુધ્ધી ક્ષમતાના બાળકો પ્રશ્નો સારી રીતે સમજી શક્યા અને તેના જવાબો આપી શક્યા તથા અંતરમુખિ વ્યક્તિત્વ ધરાવતા અને શરમાળ પ્રકુતિના બાળકો પણ પ્રવુતિમાં ભાગ લેતા થયા.

# 33



- ❖ ઈનોવેટરનું નામ : શૈલેષ કુમાર સામતભાઈ ભરડા
- ❖ શાળાનું નામ : શ્રી ભંડુરી પે સેન્ટર શાળા

તાલુકો : માળીયા (હાટીના), જિલ્લો : જૂનાગઢ

- ❖ મોબાઈલનંબર : 9662039838

## Healthy Tiffin System

જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના ભંડુરી ગામે શ્રી ભંડુરી પે સેન્ટર શાળા આવેલી છે. ભંડુરી પે. સેન્ટર શાળાના બાળકો વધારે પ્રમાણમાં જંકફૂડ તથા બહારના પેકેટનો ઉપયોગ કરતા જોવા મળ્યા. જેના પરિણામે બાળકોને શારીરિક નબળાઈ તથા પેટની તકલીફ, ચામડીના રોગો, દાંતની તકલીફ જેવી સમસ્યાઓ જોવા મળી. આ મુશ્કેલીઓને દૂર કરવા માટે શ્રી ભંડુરી પે. સેન્ટર શાળામાં ફરજ બજાવતા શ્રી શૈલેષકુમાર સામતભાઈ ભરડા નવીન પ્રવૃત્તિ કરવામાં આવી. શાળામાં પ્રાર્થનાસભામાં તેમજ વર્ગશિક્ષક તરીકે વર્ગની હાજરી તપાસતા માલુમ પડ્યું કે શાળામાં કુપોષણ અને ત્રુટીજન્યરોગ તેમજ બહારનું જંક ફૂડ ખાવાના કારણે બાળકોમાં પેટની તકલીફ, દાંતની તકલીફ વગેરે જેવી સામાન્ય સમસ્યા જોવા મળતી. જેને કારણે બાળકો શાળામાં ગેરહાજર જોવા મળતા.

આ સમસ્યાના સમાધાન માટે અમારી સમગ્ર શાળાના સ્ટાફે બાળકોની પ્રાથમિક આરોગ્ય ચકાસણી કેન્દ્ર પાસે કરાવી અને તેઓ દ્વારા એવું ફલિત થયું કે આ સમસ્યા બાળકોના કુપોષણ અને પોષણ સમયુક્ત ખોરાક ન લેવાને કારણે સર્જાય છે. આ સમસ્યા રોગ તેમને કારણે જોવા મળે છે.

આ સમસ્યાથી માહિતગાર થયા બાદ બાળકોની સંપૂર્ણ આહાર તેમજ ત્રુટીજન્ય રોગ વિશે ઓડિયો તેમજ વિડીયો દ્વારા સમજ આપવામાં આવી તેમજ આહાર કર્મચારીને બોલાવી પ્રાર્થના સભામાં તેમની સમજ આપવામાં આવી. પેકિંગ ફૂડ તેમજ જંક ફૂડ દ્વારા થતા રોગ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.

આ માટે વાલી મીટીંગ પણ બોલાવવામાં આવી અને દરેક વાલીઓને આ વિષય માહિતગાર કર્યા અને સામાન્ય સૂચના આપવામાં આવી. બાળકોને કેવું પોષણ સમ આહાર આપવામાં આવે તેની પણ સમજ આપવામાં આવી.તેને કારણે બાળકો ઘરેથી ટિફિનમાં તેમજ નાસ્તામાં પોષણસમ આહાર લાવતા થયા. તેમને આ રોગ થયા આશરે ત્રણથી ચાર મહિના આ રીતે પ્રયત્ન કરવામાં આવ્યા. ત્યારબાદ બાળકોમાં આસમસ્યા ધીરે ધીરે દૂર થવા લાગી. તેમજ વિદ્યાર્થીઓને દાંત માટે બ્રશ કરવાનું રોજ કહેવામાં આવતું અને દાંતના દુખાવો બંધ થયા

આ રીત રીતે નવતર પ્રયોગ અંતે અમારી શાળાએ ખૂબ જ સારું પરિણામ મળ્યું અને બાળકોમાં સામાન્ય બીમારીનું નિરાકરણ થયું.

**34**



- ❖ ઈનોવેટરનું નામ : દિશાબેન પ્રકાશભાઈ ભાણવડિયા
- ❖ શાળાનું નામ : શ્રી સુરજગઢ પ્રા. શાળા
  તાલુકો : મેંદરડા, જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 7874504152

## પ્રવૃત્તિમય ભાષા શિક્ષણ

- હાલમાં જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં શિક્ષક શ્રી દિશાબેન પ્રકાશભાઈ ભાણવડિયા શ્રી સુરજગઢ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવે છે.
- તેઓએ અભ્યાસ દરમ્યાન જોયું કે ઘણા વિદ્યાર્થીઓને વાંચન તથા લેખનમાં ઘણી બધી ભૂલો પડે છે તેનું કારણ આગળના વર્ષોમાં કોરોના ને કારણે શાળા બંધ અને પ્રેક્ટિસ નો અભાવ હતો.
- આ સમસ્યાને દૂર કરવા તેઓએ એક વાંચન કીટ તૈયાર કરી અને આ વાંચન કીટ દ્વારા વિદ્યાર્થી જાતે , અન્ય સહાધ્યાયી સાથે તથા શિક્ષકની મદદથી વિવિધ માત્રા વાળા શબ્દો લખતા અને વાંચતા શીખ્યા.
- વધુ મહાવરા માટે દરરોજ પ્રાર્થના બાદ એક કલાક ફાળવી એક અલગ જ લેખન બુક બનાવી જેનું દરરોજ મૂલ્યાંકન કરવામાં આવ્યું વધુ મહાવરા માટે પુસ્તકાલયમાંથી નાની વાર્તાની બુક્સ વાંચવા માટે આપવામાં આવી જેથી બાળકો શુદ્ધ વાંચન વાંચતા થયા અને આ જ બુકમાં ની વાર્તાઓ લેસનમાં લખવા માટે આપવામાં આવી જેથી લેખન શુદ્ધિ થઈ.
- શિક્ષક શ્રી એ ભાષાના અન્ય એકમો જેવા કે સમાનાર્થી શબ્દો વિરુદ્ધાર્થી શબ્દો શબ્દ પરથી વાક્ય વગેરે શીખવવા માટે રમત દ્વારા શિક્ષણની શરૂઆત કરી જેથી વિદ્યાર્થીઓની રસ-રુચિ જળવાઈ રહે
- આ રમત માટે શિક્ષક શ્રી એ સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો ની શબ્દ ચિઠ્ઠી અને શબ્દ કાર્ડ બનાવ્યા શબ્દ ચિઠ્ઠી ને બોક્સમાં નાખી વિદ્યાર્થીઓ મ્યુઝીક વાગે ત્યાં સુધી એકબીજાને પાસ કરે જ્યારે મ્યુઝિક બંધ થાય ત્યારે તે બોક્સ ખોલી બોક્સમાંથી ચિઠ્ઠી લઈ વાંચી અને તેનો જવાબ આપવાનો જ્યારે શબ્દ કાર્ડને સામસામે ગોઠવવાની રમત રમવાની .આમ વિદ્યાર્થીઓ રમતા રમતા અને પ્રવૃત્તિ કરતા કરતા સમાનાર્થી વિરુદ્ધાર્થી શબ્દો શબ્દો પરથી વાક્યો વાંચન અને લેખન બધા જ માં પારંગત બની ગયા.
- આ નવતર પ્રયોગમાં ઉપયોગમાં આવેલા ટી.એલ.એમ., શબ્દ ચિઠ્ઠી તથા શબ્દ કાર્ડ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓએ જાતે તૈયાર કર્યા.

# 35




❖ ઈનોવેટરનું નામ : ત્રિવેદી દુષ્યંતભાઈ વિનયકાન્ત

❖ શાળાનું નામ : શ્રી પાટરામા પ્રાથમિક શાળા

તાલુકો : મેંદરડા , જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9510754667


## Joyful Attendance / આનંદદાયી હાજરી

શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરી પુરવા માટે કંઈક નવીનતા પૂર્ણ વિચાર પાટરામા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષક શ્રી દુષ્યંતભાઈ વિનયકાન્ત ત્રિવેદીએ કરી.

તેમણે વિદ્યાર્થીઓ હાજરી પુરતી વખતે કંઈક આનંદ મેળવે રસ કેળવે અને તેઓને સામાન્ય જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જય ભારતની સાથે "હાજરીમાં શું બોલશો?" ના બનાવેલ ચાર્ટમાં દિન કે દિવસ પ્રમાણે વિદ્યાર્થી કંઈક બોલે અને હાજરીમાં રસ જળવાઈ સાથે જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે અલગ અલગ દિવસે કંઈક નવું બોલે તેઓ ચાર્ટ બનાવ્યો.

દિવસ 1: તમને ભાવતી મનગમતી એક વાનગીનું નામ

દિવસ 2: તમારા મન પ્રસંગ ફરવાના સ્થળ નું નામ

દિવસ 3 : કોઈ એક સ્પેલિંગ

આવી રીતે જેમાં 25થી 30 મુદ્દા ચાર્ટ તૈયાર કર્યો અને વિદ્યાર્થી આગલા દિવસે જ જોઈ તૈયારી સાથે બીજા દિવસે હાજરી વખતે ઉત્સાહથી જવાબ આપે છે.

આ પ્રવૃત્તિ દ્વારા દુષ્યંતભાઈ એ પોતાના વર્ગના પ્રિય બાળકથી માંડી બધાને સામાન્ય જ્ઞાન મેળવતા થાય તેમજ અમુકકેપ્રિય બાળકો જે કંઈ પણ બોલતા નથી તેઓને પણ બોલવા માટે પ્રોત્સાહિત કર્યા. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને પણ હાજરીમાં આનંદ આવ્યો. કક્ષા પ્રમાણે અધ્યન નિષ્પત્તિ સિદ્ધ કરવામાં પણ મદદ મળી.આચાર્યશ્રી તથા શિક્ષકોએ આ પ્રવૃત્તિની નોંધ લીધી અને આ પ્રવૃત્તિને બિરદાવી.





# 36




- ❖ ઈનોવેટરનું નામ : રાખોલિયા વિલાસબેન જીણાભાઈ
- ❖ શાળાનું નામ : શ્રી આંબલા પ્રાથમિક શાળા

  તાલુકો : મેંદરડા, જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલનંબર : 9712535916


## સામાજીક વિજ્ઞાન વર્ગખંડ SS.COM

સિંહ અને નરસિંહની નગરી તરીકે જાણીતો તેમજ જ્યાં 33 કરોડ દેવતા બીરાજમાન છે. એવા ગરવા ગઢ ગિરનારની છત્ર છાયામાં રહેલા જૂનાગઢ જિલ્લાનાં મેંદરડા તાલુકાનાં આંબલા ગામમાં વર્ષ 2013 થી વિલાસબેન જે. રાખોલીયા પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે ફરજ બજાવે છે

વિલાસબેને અનુભવ્યું કે શાળામાં 6 થી 8 ના બાળકો સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે અરુચિ દાખવતા હતા. વળી જ્યારે પ્રોજેક્ટ બનાવવાનો પ્રશ્ન આવે ત્યારે બાળકો ઉત્સાહથી ભાગ લેતા નહીં. બાળકોની આવી સમસ્યા જોઈ વિલાસબેને સામાજિક વિજ્ઞાન વર્ગખંડ બનાવવાનું વિચાર્યું. આ ખંડ એટલે બાળકોના સમજવા, ભણવા અને શીખવા માટેનો ખંડ. આ ખંડમાં તેમણે સામાજિક વિજ્ઞાન વિષયને લગતા ચાર્ટ્સ, પ્રોજેક્ટ્સ, મોડેલ વગેરે વિદ્યાર્થીની મદદથી તૈયાર કર્યા અને વર્ગખંડની દીવાલોને બોલતી કરી. તેમણે પ્રવૃત્તિઓ દ્વારા, "શોધો તો મળશે" એવી રમતો દ્વારા, ઓનલાઈન વિડીયો દ્વારા તેમજ રોલ પ્લે દ્વારા પણ શીખવવાનો પ્રયત્ન કર્યો. સાથે સાથે પર્યાવરણ શિક્ષણ આધારિત ચકલીના માળા બનાવવા તેમજ વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિઓ પણ તૈયાર કરવામાં આવી.

આમ, સામાજિક વિજ્ઞાન વર્ગખંડ ન હતો ત્યારે બાળકોમાં વિષય પ્રત્યે અરુચિ જોવા મળી હતી. હવે આ વર્ગખંડ બનાવ્યા બાદ શાળાનાં 6 થી 8 ના 60% જેટલા બાળકો સરળતાથી વિષયને અનુરૂપ માહિતી મેળવતા થયા અને ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિઓમાં રુચિ દાખવતા થયાં છે. આ કાર્યની શાળાના આચાર્યશ્રી તેમજ ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પણ નોંધ લઈ કાર્યને બિરદાવ્યું છે.












37




❖ ઈનોવેટીવ શિક્ષકનું નામ : મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ

❖ શાળાનું નામ : શાપુર પે સેન્ટર

તાલુકો : વંથલી , જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9428440170


## Learn with Digital Games

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં શિક્ષકશ્રી મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ વર્ષ 2010થી ગણિત - વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણી વાર બાળકોને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, G.K. વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે શોર્ટકટ અને સરળ રીતો આપે છે. તેઓ શિક્ષક તરીકે જોડાયા ત્યારથી જ ટેકનોલોજી દ્વારા શિક્ષણને સરળ અને અસરકારક બનાવવા પ્રયત્ન કરતા હતા.

શાળામાં વર્ષ 2017 થી જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શરૂ થતાં આ પ્રયત્નને વધુ વેગ મળ્યો. વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રૂચી વધે અને નવીન ટેકનોલોજીથી પરિચિત થાય એ તેમનો સતત પ્રયાસ રહ્યો છે. આ ઉપરાંત બાળકો ગણિતમાં અને અન્ય વિષયોમાં પારંગત થાય તેવા તેમના સતત પ્રયત્નો રહ્યાં છે.

પોતાની શાળામાં અને અન્ય શાળામાં ગણિત, વિજ્ઞાન, G.K. અને ભાષાના અઘરા મુદ્દાઓનું પુનરાવર્તન કરતી વખતે શિક્ષક મુશ્કેલી અનુભવતા હતા. કેમ કે વિદ્યાર્થીઓ સરળતાથી દરેક વિષયના અઘરા મુદ્દાઓ શીખી શકતા નહોતા. પરંતુ વિવિધ રમતો દ્વારા શીખવવાથી દરેક વિષય રસપ્રદ બન્યો. અને બાળકોને જે તે વિષય સહેલાઈથી શીખવી શકાયો.

➢ અહી ગણિત શીખવવા માટે અંકગણિત, બીજગણિત અને ભૂમિતિના કેટલાંક મુદ્દાઓ સમજાવવા અને વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ભાષા શીખવવા માટે ઓનલાઈન ડીજીટલ રમતો બનાવવામાં આવી છે.

➢ ટેકનોલોજીનો ઉપયોગ કરી વેબસાઈટ અને બ્લોગ પર વિષય વસ્તુના મુદ્દાઓને અનુરૂપ નવી નવી રમતો મૂકી છે.

➢ ઓનલાઈન વેબસાઈટ પર જ આ રમતો બનાવી શકાય છે. જેમાં નેટ સિવાય અન્ય કોઈ ખર્ચની ચિંતા નથી.

➢ વળી આ રમતો એકીસાથે ઘણા બધા બાળકો રમી શકે છે.

➢ આ રમતોથી દરેક બાળક પોતાની જાતે જે તે વિષયની ઘણી અધ્યયન નિષ્પત્તિ માટે ઘણી સંકલ્પનાઓ શીખી શકે છે અને યાદ પણ રાખી શકે છે.

➢ આ રમતો બનાવી બ્લોગ પર મૂકી તેની લીંક સોશ્યલ મીડિયા દ્વારા share કરવામાં આવી.

➢ દરેક રમતો બનાવતી વખતે ગાણિતિક સિધ્ધાંત, વૈજ્ઞાનિક સિધ્ધાંત, ભાષાકીય નિયમોની તકેદારી રાખી ચોક્કસ કાર્યરત રમકડાં બનાવવામાં આવ્યા છે.

➢ ખાસ અધ્યયન નિષ્પત્તિને ધ્યાને રાખી રમકડાં તૈયાર કર્યાં છે.

➢ તમામ રમતો ઓનલાઈન રમતો છે.

➢ આ રમતો દરેક પોતાના મોબાઈલ / ટેબલેટ / લેપટોપ / કોમ્પ્યુટરમાં રમી શકે છે.

➢ દરેક રમતો વિષય અને વિષયવસ્તુને અનુરૂપ અધ્યયન નિષ્પત્તિ શીખવા માટે પર્યાપ્ત છે. તેથી શિક્ષણ કાર્યમાં પણ તેનો સહેલાઈથી ઉપયોગ કરી શકાય છે.

➢ કોઈપણ નાના- મોટા સૌ આ રમતો નવરાશની પળોમાં રમી શકે છે.

<u>શૈક્ષણિક ઉપયોગ :</u>

➢ ખાસ કરીને દરેક રમતોનો ઉપયોગ શિક્ષણમાં થાય તે હેતુથી આ રમતો બનાવી છે.

➢ ધોરણ 6 થી 10 ના ગણિત શીખવા માટે રમતોમાં સંખ્યા જ્ઞાન, બીજ ગણિત અને ભૂમિતિ શીખવા માટે 'Maths Fun આકારો યાદ રાખો, દશાંશ સંખ્યાના ગુણાકાર ભાગાકાર, Algebra ( બીજગણિતીય સુત્રો ), Number game, જેવી રમતો બનાવી છે.

➢ આ ઉપરાંત વિજ્ઞાન શીખવા માટે વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને નિયમો તથા પારિભાષિક શબ્દો શીખવા માટે રમતો બનાવી છે.

➢ અંગ્રેજીમાં સ્પેલિંગ અને ગ્રામર શીખવા માટે રમતો બનાવી છે.


➢ દુશ્મનથી બચી સાચા જવાબ પાસે જાઓ, સાચી જોડી શોધી કાઢો, ગેમ શો, સાચો વિકલ્પ પસંદ કરવો, ફરતા જવાબને પકડો, રકમ અને જવાબને જોડો, ખોખું ખોલી સાચો જવાબ શોધો, એરોપ્લેનમાં બેસી સાચા જવાબનું વાદળ પકડો, ક્વિઝ, ક્રોસવર્ડ ( શબ્દ કોયડો ) વગેરે જેવી રમતો શૈક્ષણિક ઉપયોગ અર્થે બનાવી છે.

➢ બાળકોને અભ્યાસ કરવામાં દરેક વિષયના ઘણા મુદ્દાઓની સંકલ્પના લાંબા સમય સુધી યાદ રહે.


➢ વિષય અને વિષયવસ્તુના મુદ્દાઓ રસપ્રદ બન્યા.

➢ બાળકોમાં જિજ્ઞાસાવૃતિ, સર્જનાત્મકતા, તર્કશક્તિ, નિર્ણય શક્તિ, ગાણિતિક કૌશલ્ય, અંદાજ વગેરે જેવાં અનેક ગુણોનો વિકાસ થયો.








38



- ❖ ઈનોવેટરનું નામ : પ્રતાપસિંહ આર.જેઠવા
- ❖ શાળાનું નામ : મહોબતપુર પે.સે.શાળા

  તાલુકો : વંથલી જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 90999 48990

## સપ્તરંગી શાળા

રાતે, થોડા સમય માટે વીજળી જાય છે ત્યારે, બધે અંધારું છવાઈ જાય છે........
પ્રકૃતિની વાત કરીએ તો કાળા વાદળો જ્યારે છવાય ક્યારે પણ અંધારું છવાઈ જાય છે........

જ્યારે વીજળી ફરીથી આવી જાય છે ત્યારે દરેક રંગો દેખાવા લાગે છે, પ્રકૃતિમાં પણ વરસાદ વરસી જાય છે ત્યારબાદ પ્રકૃતિ 16 એ કડાએ ખીલે છે, અને આકાશમાં સાતેય રંગો ભરાઈ જાય છે ધરતી પણ રંગબેરંગી જાણે ચાદર ઓઢે છે.

આપણે પણ શાળામાં આવું જ કંઈક છે શાળાની કોરી દીવાલો અને કાળુ પાટિયું આ કાળુ પાટિયું જોઈ જોઈ વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે, શાળાએ આવવાનો છે ઉત્સાહ હોય છે તેમાં હતાશા જેવું લાગે છે.

પરંતુ વંથલી તાલુકામાં સી.આર.સી તરીકે ફરજ બજાવતા શિક્ષક શ્રી આર જેઠવા એ વર્ગ, શાળા, અને બાળકોના જીવનમાં આ સાત રંગો ભરવાનું કાર્ય કર્યું છે જેની ટૂંકી માહિતી અહીં પ્રસ્તુત કરી છે.

આપણે સૌ શિક્ષક છીએ અને એક સમયે વિદ્યાર્થી પણ હતા તેથી અને શાળાએ નિયમિત શાળાએ આવે અને શાળાએ આવ્યા બાદ ટકી રહે તેમજ શિક્ષકે શીખવેલું યાદ રહે પડકાર જનક સ્થિતિ છે. આવા સમયે શું કરવું શાળા પ્રત્યેનો કરવામાં આવે છે.

પ્રસ્તુત પ્રયોગમાં વંથલીમાં ફરજ બજાવતા મહોબ્બતપુર પે સેન્ટર શાળાના શિક્ષક, સી.આર.સી. તરીકે ફરજ બજાવતા હોવાથી શાળાઓના બાળકો, વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી બાળકોના નીચે મુજબના પ્રશ્નોની તારવણી કરી.

પ્રજ્ઞામાં આવતા બાળકોને આવતા કરવા (શાળા તત્પરતા), ગેરહાજરી અને ડ્રોપ આઉટ, શાળા વર્ગ પ્રત્યે અણગમો અને કંટાળો, શાળા બહારના બાળકોને શાળા પ્રત્યે આકર્ષિત કરવા.

ઉપરોક્ત પ્રશ્નોનું નિરાકરણ લાવવા શાળાના આચાર્યશ્રીઓના સહયોગથી શાળાઓમાં એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો. શાળાની દીવાલો પર, તક અને અભ્યાસક્રમમાં આવતી કમ્પ્યુટરની મદદથી ચીત્રાત્મક ડિઝાઈન તૈયાર કરીને પોસ્ટર સ્વરૂપે દિવાલ માં લગાવવામાં આવ્યા. અને શાળાઓની દિવાલોમાં ઈન્દ્રધનુષના સાત રંગો ભરી બોલતી કરવામાં આવી. ત્યારબાદ જેમ જેમ શાળાઓને પ્રયોગની સમજ આપવામાં આવી તેમ તેમ તે શાળાઓએ પોતાની શાળામાં આ પ્રયોગ કર્યો જેમની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | લાભ લેનાર શાળાની સંખ્યા | લાભ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | લાભ લેનાર શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|
| 1 | 22 | 2006 | 91 |

નવતર પ્રયોગના હેતુઓ :

- શિક્ષણ રસ પૂર્ણ અને અસરકારક બને છે કારણ કે પ્રત્યક્ષ નિદર્શન.
- ઓછી મહેનતે વિદ્યાર્થી વધુ સમાજ મેળવે છે સ્વભાવિક જ્ઞાન પ્રાપ્તિ.
- શીખેલી બાબતો દીર્ઘકાળ સુધી યાદ રાખે.
- વિદ્યાર્થીઓમાં અવલોકન કરવાની શક્તિ વિકસે.
- વિદ્યાર્થીઓ કાર્યકારણનો સંબંધ જોડતા શીખે.
- શાળાએ બાળકો નિયમિતપણે આવતા થાય.
- ટીએલ એમનો સરળતાથી ઉપયોગ.
- વિદ્યાર્થી અભ્યાસક્રમ પ્રત્યે સ્વાવલંબી બને.
- એક નું એક વારંવાર ધ્યાને આવવાથી સરળતાથી યાદ રહે.
- એકથી વધુ ધોરણ અને વિષય માટે ઉપયોગી
- નાના ધોરણોમાં રંગોથી આકર્ષિત થઈ બાળકના મન વર્ગ સ્વર્ગ બને.

નવતર પ્રયોગનું પરિણામ :

- બાળકો નિમિત શાળાએ આવવા લાગ્યા બાળકોને વર્ગમાં બેસવું ગમ્યું.
- એકનું એક વારંવાર નિદર્શન થવાથી સરળતાથી અને લાંબા સમય સુધી યાદ રહ્યું.
- બાબતોનું દઢીકરણ થયું અને બાળક શીખેલા જ્ઞાનનું સ્વમૂલ્યાંકન કરતો થયો.
- નવરાસના સમયે દીવાલોમાંથી કંઈકનું કંઈક જ્ઞાન મેળવ્યું.
- શિક્ષકના ભાગે શિક્ષણની નવી સરળ રીત અને ટીએમનો સદુપયોગ થયો.
- જૂની કે પ્લેન દિવાલો બોલતી થઈ.
- ઓછી મહેનતે સહસતાથી જ્ઞાન પ્રાપ્ત થવા લાગ્યું.
- વિદ્યાર્થીઓમાં નિદર્શન શક્તિ અને કાર્યકારણ સંબંધનો વિકાસ થયો.
- અનુકરણ કે ગોખણપટ્ટીથી છુટકારો મળ્યો.

નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો લિંક :

https://drive.google.com/file/d/1HmOeE73EcooAt0bynpqO2qwfn27b_XU9/view?usp=drivesdk



39



❖ ઈનોવેટરનું નામ : રાવલિયા ધર્મિષ્ઠા અનિલભાઈ

❖ શાળાનું નામ : શ્રી ડુંગરી પ્રાથમિક શાળા

તાલુકો : વંથલી, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 97238 13506

## Let's learn G.H.S.E together

શ્રી રાવલિયા ધર્મિષ્ઠા અનિલભાઈ, શ્રી ડુંગરી પ્રાથમિક શાળા (તા.વંથલી જિ.જૂનાગઢ) માં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓ શાળામા ભાષા વિષય શીખવે છે.

તેઓએ જાણ્યું કે વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમા આવતી ચાર ભાષાઓ (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી) એકસાથે શીખવામા મુશ્કેલી અનુભવે છે. એક ભાષાના શબ્દો યાદ રાખે તો બીજી ભાષાના શબ્દો ભુલાઈ જાય છે.

આ સમસ્યાના હલ માટે તેઓએ ચારેય ભાષાના 1 થી 100 અંકો, ફળો, શાકભાજી, વાહનો, વ્યવસાયકારો, પક્ષીઓ, ઘર-વપરાશની વસ્તુઓ, સગાં-વ્હાલાંના નામ, ક્રિયાપદો વગેરેના ચારેય ભાષાના શબ્દોનો ઉપયોગ કરીને ચાર્ટ્સ, તોરણ, વૃક્ષ અને ચિઠ્ઠીઓ બનાવી.

ચારેય ભાષાના આ T.L.M શાળાના વર્ગખંડો તેમજ લોબીની દિવાલો ઉપર લગાડવામા આવ્યા. ઔપચારિક અને અનૌપચારિક રીતે વિદ્યાર્થીઓ દરરોજ તેમાંથી વાંચતા અને ચારેય ભાષાઓના ઘણાં-બધા શબ્દો શીખ્યા.

પ્રાર્થનાસભામા અને બાલસભામા પણ આ નવતર પ્રયોગને લગતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.

ઉદાહરણ રૂપે ચાર વિદ્યાર્થીઓને ઉભા કરીને પક્ષી વિભાગમાથી નામ બોલવાનું કહેવામાં આવે છે. પહેલો વિદ્યાર્થી ગુજરાતી ભાષા શબ્દ 'કાગડો' બોલશે. બીજો વિદ્યાર્થી હિન્દીમા **'कौआ'** બોલશે. ત્રીજો વિદ્યાર્થી એજ શબ્દ સંસ્કૃતમા **'काकः'** બોલશે અને ચોથો વિદ્યાર્થી એ જ શબ્દ અંગ્રેજીમા 'crow' બોલશે.

આમ, આ રીતથી વિદ્યાર્થીઓ વિવિધ વિભાગોના નામો ચારેય ભાષાઓમા બોલશે. એ રીતે તેમનું ચારેય ભાષાઓનુ શબ્દ-ભંડોળ ખૂબ જ વિકસ્યું. અવનવી પ્રવૃત્તિઓથી ભાષા-શિક્ષણ સહજ બન્યું અને સાથે-સાથે ભાર વગરના ભણતરની પ્રણાલી પણ સિધ્ધ થઈ.

SCAN ME





## 40



- ઈનોવેટરનું નામ : સરોજબેન એચ.મકવાણા
- શાળાનું નામ : શ્રી આખા પ્રાથમિક શાળા
  તાલુકો : વંથલી, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9712186578

## પપેટ દ્વારા શિક્ષણકાર્ય

સરોજબેન એચ. મકવાણા આખા પ્રાથમિક શાળામાં સાત વર્ષથી ફરજ બજાવે છે. આજના સમયમાં બાળકો મોબાઈલમાં વધુ રસ લે છે તો આ સમયે તેને ભણવામાં રસ જાગે અને અસરકારક રીતે યાદ રહે એવા હેતુથી તેમણે ભણાવવામાં પપેટનો ઉપયોગ કરવાની શરૂઆત કરી.

આનો વિચાર તો તેમને ત્રણ વર્ષ પહેલાં જ આવેલો પણ કોરોના કાળને લીધે તે સફળ ન રહ્યો. ધોરણ એક અને બે ના બાળકો આ લાંબા બ્રેક પછી શાળાએ આવવાનું કઠિન લગતા તેમને પપેટ દ્વારા એકમ ની વાર્તા, ઘડિયા, દાખલા કરવાનો વિચાર આવ્યો.બાળકો આનંદ સાથે ભણી અને જોયેલું લાંબો સમય યાદ રહે અને જ્ઞાન સાથે ગમ્મત પણ મળે.

પરિણામ સ્વરૂપે બાળકોને ભણવામાં અને શાળાએ આવવામાં રૂચી પડી. અને હરખભેર વાર્તાની રાહ જોતા થયા. કોઈક નવું શીખવાની ધગસ જાગી. તેમને આનંદ થયો અને પ્રવૃત્તિ સાથે પ્રસ્તુત પ્રયોગ સફળતાપૂર્વક કરેલ છે.

તેમના આ કાર્યની નોંધ લઈ શાળાના આચાર્ય અને ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ તેમને આ કાર્ય બદલ બિરદાવ્યા.

**41**



- ઈનોવેટરનું નામ : પરમાર કંચનબેન જેઠાભાઈ
- શાળાનું નામ : શ્રી બાલોટ પ્રાથમિક શાળા
  તાલુકો : વંથલી, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 6351439351

## ચાલો લઈએ થોડું થોડું જ્ઞાન

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં આવેલ બાલોટ ગામની શ્રી બાલોટ પ્રાથમિક શાળામાં ધોરણ છ થી આઠમાં સામાજિકવિજ્ઞાનના શિક્ષિકા તરીકે શ્રી પરમાર કંચનબેન જેઠાભાઈ ફરજ બજાવે છે.

તેઓ ત્રણ વર્ષથી આ શાળા સાથે જોડાયેલા છે. તેઓ ખૂબ ઉત્સાહ અને ખંતથી સામાજિક વિજ્ઞાન વિષય ભણાવતા, પણ આ વિષય પ્રત્યે બાળકો ઓછો રસ ધરાવતા હોય એમ તેમને લાગ્યું.

પોતાના વિષયને રસપ્રદ બનાવવા માટે તેઓએ કંઈક વિશેષ પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરવા વિચાર્યું આ માટે તેમણે સામાન્ય જ્ઞાન અને સામાજિક વિજ્ઞાન ના અલગ અલગ ટોપિક તૈયાર કર્યા આ ટોપીક ની ચર્ચા તેઓ પ્રાર્થના સભામાં કરતા તેમજ બાળકો દ્વારા ટોપીક ની રજૂઆત કરવામાં આવતી.

બે - બે વિદ્યાર્થીઓની જોડીમાં પ્રાર્થના સભામાં તથા વર્ગખંડમાં આ વિષય રજૂ કરાવ્યા. જેમ કે એક વિદ્યાર્થી સામાજિક વિજ્ઞાન વિષયને લગતા ચિત્રો બતાવે બીજો વિદ્યાર્થી તે ચિત્ર ઓળખી બતાવે જેમ કે રાષ્ટ્રીયપ્રતીકોનાં ચિત્રો, સમાજ સુધારકોનાં ચિત્રો ક્રાંતિકારીઓનાં ચિત્રો પારંપરીક નૃત્યોના ચિત્રો, ભારતના જોવાલાયક સ્થળોનાં ચિત્રો વગેરે. પ્રાર્થનાસભામાં બે - બે વિદ્યાર્થીની જોડીમાં બતાવવામાં આવતા.

આ પ્રવૃત્તિનું તેમને ખૂબ જ સારું પરિણામ મળ્યું. બાળકો સામાજિક વિજ્ઞાન વિષય રસ પૂર્વક ભણતા થયા. તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો થયો. બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ લેતા થયા. ઉપરાંત નબળા બાળકો પણ આ પ્રવૃતિમાં હોંશભેર ભાગ લેતા થયા. તેમજ પ્રાર્થના સભા પણ રસપ્રદ બનવા લાગી.


42



- ઈનોવેટરનું નામ : અશ્વિનભાઈ વિઠ્ઠલભાઈ રાંક
- શાળાનું નામ : શ્રી ઢેબર પ્રાથમિક શાળા
  તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9998010865


## ત્રણ ટકોરા જ્ઞાનની બરણીને

અશ્વિનભાઈ રાંક જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની શ્રી ઢેબર પ્રાથમિક શાળામાં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે વર્ષ 2021થી પોતાની ફરજ બજાવે છે તેમણે તેમના શિક્ષણ કાર્ય દરમિયાન એક સમસ્યા અનુભવી કે આ શાળામાં ધોરણ 1 થી 7 ની શાળા કાર્યરત હોવાથી બાળકોમાં ગણિત અંગ્રેજી અને જનરલ નોલેજ જેવા વિષયમાં બાળકોને નિરસતા તેઓને ધ્યાને આવી તેથી શિક્ષક શ્રી અશ્વિનભાઈ ધોરણ સાત અને આઠના બાળકો માટે શાળા સમય સિવાયના સમયમાં રંગીન કાગળમાંથી કાપલી બનાવી એક જ્ઞાનની બરણી તૈયાર કરવામાં આવી અને જૂન 2022 થી ત્રણ તકોરા જ્ઞાનની બરણીને પ્રવૃત્તિ અઠવાડિયાના ત્રણ દિવસ સોમ બુધ શુક્ર આ પ્રવૃત્તિ શરૂ કરી જેમાં ત્રણ વિષયને લગતા ગણિત અંગ્રેજી અને જનરલ નોલેજને લગતા પ્રશ્નો મુકવામાં આવ્યા ગૃહકાર્ય તપાસથી વખતે વર્ગ વ્યવસ્થા સચવાય સાથે સાથે બાળકોની ક્રિયાશીલતા તેમજ ઉત્સાહમાં પણ વધારો થાય તે હેતુથી તેઓએ આ પ્રવૃત્તિ શરૂ કરી તેમને આ પ્રવૃત્તિથી બાળકો ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લેતા થયા તેમ જ ગણિતના સૂત્રો દાખલા ગણવાની પદ્ધતિ અંગ્રેજીના ક્રિયાપદ તેમજ જનરલ નોલેજ નો પ્રશ્ન શીખતા થયા અશ્વિનભાઈ નાં આ પ્રયત્ન નથી બાળકોની જિજ્ઞાસાવૃતિ તેમ જ ક્રિયાશીલતામાં ખૂબ જ વધારો થયો સાથે સાથે શાળાની સંખ્યામાં પણ વધારો થયો.







43



❖ ઈનોવેટરનું નામ : સોલંકી જયેશ ચનાભાઈ

❖ શાળાનું નામ : શ્રી દુધાળા પ્રા. શાળા

તાલુકો : વિસાવદર જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9904789011

## OPEN AIR BOTANICAL CLASSROOM

શ્રી દુધાળા પ્રાથમિક શાળામાં મદદનિશ શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકશ્રી જયેશભાઈ સોલંકી એ પર્યાવરણ પ્રયોગ શાળાનો નવતર પ્રયોગ કર્યો.જેમાં શ્રી જયેશ ભાઈ એ બાળકો પર્યાવરણ અંગે જાગૃત બને, પર્યાવરણને સમજતા થાય તેવા હેતુ સાથે નવતર પ્રયોગનો શાળા કક્ષાએ પ્રારંભ કર્યો.

શાળામાં મેદાન તો હતું પરંતુ તેમાં વૃક્ષારોપણ કરી શકાય તેવી પરિસ્થિતીમાં ન હતું. શ્રી જયેશભાઈ એ તથા શાળાના સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી, પોતે શ્રમદાન આપી, મેદાનને સમથળ કરી વૃક્ષારોપણ થઈ શકે તેવું સુંદર બનાવ્યું.

જુદા જુદા ભૌમિતિક આકારોના ક્યારા તૈયાર કરવડાવ્યા અને તેમાં વિવિધ ફૂલો, શાકભાજીઓ, ઔષધીઓનું વાવેતર કર્યું. બાળકોને આ કાર્યમાં સામેલ કર્યા. બાળકોને સિંચાઈની વિવિધ પદ્ધતિઓ પણ શીખવવામાં આવી. જેવી કે ટપક સિંચાઈ પદ્ધતિ, ફુવારા પદ્ધતિ વગેરે. બાળકો પાસે વૃક્ષોનું જતન કરાવડાવવામાં આવ્યું.

આ કાર્યમાં બાળકો પાસે જ છોડને પાણી આપવું, ક્યારાઓ સરખા કરવા, નીંદણ કરાવવું, ખાતર આપવું જેવી પ્રવૃતિ કરવવામાં આવી. આ કાર્યની ગામલોકો એ પણ નોંધ લીધી અને જયેશભાઈના આ કાર્યને બિરદાવવામાં આવ્યું. હાલ પણ તેઓ પર્યાવરણની જાગૃતિ માટે ઘણી વિવિધ પ્રવૃતિઓ શાળામાં કરી રહ્યા છે.



❖ ઈનોવેટરનું નામ : પ્રસાદ દીપક રામઅયોધ્યા

❖ શાળાનું નામ : શ્રી પિયવા (ગીર) પ્રા શાળા

તાલુકો : વિસાવદર જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9427155798

## LEARN THROUGH SCIENTIFIC TOOL

જૂનાગઢ જિલ્લાનો વિસાવદર તાલુકો એટલે ગીરનું જંગલ જ સમજો. આ તાલુકામાં આવેલું પિયવા (ગીર) ગામમાં શ્રી દીપકભાઈ ધોરણ 6 થી 8 માં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે જોડાયા. તેમણે જોયું કે બાળકો બધા વિષયો માંથી વિજ્ઞાન વિષયમાં ખૂબ ઓછો રસ ધરાવતા હતા. વર્તમાન સમયમાં વૈજ્ઞાનીક અભિગમ અને ટેકનૉલોજી સભર શિક્ષણ બાળકો માટે ખુબજ જરૂરી છે. તેમને લાગ્યું કે બાળકોને વિજ્ઞાનમાં રસ લેતા કરવા માટે તેમને વિજ્ઞાનના પ્રયોગો કરાવવા જરૂરી છે, પરંતુ બાળકો પ્રયોગો કરવામાં મુશ્કેલી અનુભવતા હતા.

આ સમસ્યાના ઉપાય તરીકે તેમણે દરેક એકમમાં ઉપયોગી પ્રયોગ અને પ્રવૃતિ માટે જરૂરી સાધન સામગ્રીની યાદી તૈયાર કરી. આ યાદી તેમણે જે તે ધોરણના વર્ગખંડના બુલેટિન બોર્ડ પર લગાડી જેથી પાઠની શરૂઆત પહેલા જ બાળકો પોતાની જાતે જ પાઠમાં આવતા પ્રવૃતિમાં ઉપયોગી સાધન સામગ્રી અગાઉથી જ એકઠી કરી રાખતા.

આ રીતે બાળકો સરળતાથી પ્રયોગો કરી શકતા. બાળકોને પ્રયોગોમાં આવતા સાધનોના નામો પણ યાદ રહેવા લાગ્યા. બાળકો એકમ કસોટીમાં પૂછાતા પ્રયોગ અને પ્રવૃતિના જવાબ પણ સરળતાથી આપવા લાગ્યા. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસ્યો. બાળકોને વિજ્ઞાન વિષયમાં રસ પાડવા લાગ્યો.

શાળાના સ્ટાફ, આચાર્ય અને ગામ લોકોએ પણ દીપકભાઈની આ સુંદર પ્રવૃતિને બિરદાવી.

**45**




- ❖ ઈનોવેટરનું નામ : શ્રી મયુરીબા રાણાભાઈ દયાતર
- ❖ શાળાનું નામ : શ્રી રતાંગ પ્રાથમિક શાળા

  તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 9913943100


## સામાજિક વિજ્ઞાન ધોરણ 6 થી 8 ના એકમોની “પ્રારંભિક ઝાંખી”

જેની ધરતી પર સાવજો દહાડો મારતા હોય એવી સંતસુરાની તપોભૂમિ એટલે જૂનાગઢ. આવા કસુંબલ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રતાંગ ગામમાં શ્રી મયુરીબા રાણાભાઈ દયાતર છેલ્લા 10 વર્ષથી સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે ફરજ બજાવે છે તેમના દ્વારા સામાજિક વિજ્ઞાન ધોરણ 6 થી 8માં એકમ આધારિત પ્રારંભિક ઝાંખીનું ગત વર્ષે નિર્માણ કરવામાં આવ્યું હતું. જે આ વર્ષે તેમણે પૂર્ણ કરેલ છે.

વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયના નબળા શબ્દ ભંડોળ તેમજ વિષય પ્રત્યે અરુચીના કારણે વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબ યાદ રાખી શકતા ન હતા અને આ સમસ્યાના ઉકેલ માટે તેમણે ધોરણ 6 થી 8 માં સામાજિક વિજ્ઞાન વિષય પર ઘણા નવતર પ્રયોગો પણ કરેલ છે.

તેમની ફળશ્રુતિ સ્વરૂપે શિક્ષકશ્રી મયુરીબા રાણાભાઈ દયાતર દ્વારા ધોરણ 6 થી 8 સામાજિક વિજ્ઞાન વિષય માટે “પ્રારંભિક ઝાંખી” શીર્ષકથી વિદ્યાર્થીઓ માટે પૂર્વજ્ઞાન આધારિત પુસ્તકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પ્રારંભિક ઝાંખી નામના આ પુસ્તકના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં વિષય અનુરૂપ શબ્દભંડોળ અને રસ રુચિ વધ્યા છે. “સામાજિક વિજ્ઞાન વિષય એ રોજિંદા વ્યવહાર સાથે સંકળાયેલો છે” એવો હકારાત્મક અભિગમ વિદ્યાર્થીઓ કેળવતા થયા છે. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી આ પ્રારંભિક ઝાંખી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયના સરલીકરણ માટે અધ્યયન પ્રક્રિયાનો કારગત નવતર પ્રયોગ છે.

## 46

❖ ઇનોવેટરનું નામ : હેમલતાબેન બી. વાઘેલા

❖ શાળાનું નામ : શ્રી. ટી.ડી.ડી. હાઇસ્કુલ, મજેવડી

તાલુકો : જુનાગઢ જિલ્લો :- જુનાગઢ

❖ મોબાઈલ નંબર : 9909293191

## વૈદિક ગણિત (બહુપદીના ભાગાકાર )

વિદ્યાર્થીઓને બહુપદીના ભાગાકાર સમજવામાં કઠિનતા પડે છે. આથી ગણિત વિષય પ્રત્યેની તેમજ આ મુદ્દો સમજવા સરળતા પડે તે માટે ત્રિઘાત બહુપદીના ભાગાકાર વૈદિક ગણિતની પદ્ધતિ ધ્વારા સમજાવતા તેમને તે સરળ લાગે છે. વૈદિક ગણિતની 'વિલોકનમ' પદ્ધતિથી ત્રિઘાત બહુપદીનો એક અવયવ (x+1) અથવા (x-1) છે કે નહીં તેની ચકાસણી કરી શકે છે. ત્યારબાદ ત્રિઘાત બહુપદીના અવયવ પાડવા પરાવર્ત્યયો (પક્ષાંતર કરીને ઉપયોગ કરો) સૂત્ર દ્વારા સરળતાથી અવયવ પાડી શકે છે. વિલોકનમ (અવલોકન કરવું) થી (x+1) અવયવની ચકાસણી થાય છે. ત્રિઘાત બહુપદીના બધાજ એકી સ્થાને રહેલા પદોના સહગુણકોનો સરવાળો અને બધાજ બેકી સ્થાને રહેલા પદોના સહગુણકોનો સરવાળો સમાન થાય તો (x+1) બહુપદી નો એક અવયવ થાય.

➢ પરિણામ:

વિધ્યાર્થીઓ (x-1) અથવા (x +1) બહુપદીનો અવયવ છે ક નહીં તે ચકાસી સરળતાથી ત્રિઘાત બહુપદીના અવયવ પાડી શકે છે. પરાવર્ત્યે યોજયતે (પક્ષાંતરનો ઉપયોગ કરવો) ભાગફળ બહુપદી અને શેષ બહુપદી મેળવવામાં સરળતા રહે છે.

## 47

❖ ઇનોવેટરનું નામ : જાની દિપાલીબેન ચંદ્રકાન્ત

❖ શાળાનું નામ : શ્રી. ટી.ડી.ડી હાઇસ્કુલ, મજેવડી

તાલુકો : જુનાગઢ જિલ્લો :- જુનાગઢ

❖ મોબાઈલ નંબર : 9426283518

## એક દાખલામાં ઘણા ઉકેલ

વિદ્યાર્થીઓને આ પ્રયોગ કરવાથી ખુબ જ ઓછા સમયમાં ધોરણ 11 ના આંકડાશાસત્રના ત્રણ ચેપ્ટર ની ગણતરી કરી અને યાદ રાખી શકે છે. ખાસ કરીને પરીક્ષા દરમિયાન આ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી થાય છે. આ પદ્ધતિથી વિદ્યાર્થીઓને વધારે દાખલાની પ્રેક્ટિસ કરવી પડતી નથી. એક જ દાખલામાં જુદા જુદા 14 થી 15 ઉકેલ મેળવી શકે છે.

48



- ઇનોવેટરનું નામ : શ્રી રાજેશ બી. જેઠવા
- શાળાનું નામ : શ્રીમતી આર. જે. કનેરિયા ગર્લ્સ હાઈસ્કુલ, જૂનાગઢ
  તાલુકો : જૂનાગઢ જિલ્લો : જુનાગઢ
- મોબાઈલ નંબર : 8866335985

## ‘સમન્વય – પાઠ્યપુસ્તક અને ટેકનોલોજી

છેલ્લા પાંચ દાયકાથી કન્યા કેળવણી તથા “બેટી બચાવો, બેટી પઢાવો” સૂત્રને ચરિતાર્થ કરતી જુનાગઢની પ્રતિષ્ઠિત શાળાઓમાંની એક શાળા શ્રીમતી આર. જે. કનેરિયા ગર્લ્સ હાઇસ્કુલના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અંગ્રેજી શિક્ષક તરીકે સેવા બજાવતા શિક્ષકશ્રી રાજેશભાઈ જેઠવાને ધોરણ ૧૧ અને ૧૨ માં અંગ્રેજી ભાષાનું શિક્ષણ કાર્ય કરાવતી વખતે ધ્યાનમાં આવ્યું કે બાળકોને અંગ્રેજી વિષયથી ખુબ જ ડર લાગે છે તથા આ વિષય તેઓને ખુબજ અઘરો લાગે છે. બાળકોને પાઠમાં આવતા અઘરા શબ્દો અને પ્રશ્નોની સમજણ પ્રાપ્ત કરવામાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. શિક્ષકના મતે, આ સમસ્યા વિદ્યાર્થીઓની comprehension skill (સમજણ) તથા vocabulary (શબ્દભંડોળ)ની છે. અંગ્રેજી વિષયની અસરકારકતા વધારવા તથા આ સમસ્યાનાં હલ માટે તેઓએ ટેકનોલોજીનો સમન્વય કરવાનું વિચાર્યું. તેઓએ ટેકનોલોજીની મદદથી અંગ્રેજી ભાષામાં આવતા Read (પાઠ)ને PPTની મદદથી એક નવું સ્વરૂપ આપવાનું નક્કી કર્યું. આ માટે તેઓએ ટેકનોલોજીની મદદથી કેટલાક ખુબજ અઘરા લગતા પાઠ અને તેમાં સમવિષ્ટ નવા શબ્દોને એનીમેટેડ ચિત્રો અને વિડીયો કલીપથી સરળ શૈલીમાં સમજાવવા પ્રયત્ન કર્યો. ત્યારબાદ વિદ્યાર્થીઓની comprehension skill (સમજણ)ને તપાસવા બોર્ડની પરીક્ષામાં પુછાય શકે એવા પ્રશ્નો આપવામાં આવ્યા અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ લખેલા ઉત્તરોને તપાસી તેઓને ખ્યાલ આવ્યો કે વિદ્યાર્થીઓની comprehension skill (સમજણ)માં વધારો થયો અને તેને અઘરા લગતા અંગ્રેજીનાં શબ્દો પણ રસપ્રદ લાગવા લાગ્યા અને પરિણામેએ શબ્દો સરળતાથી વાક્યમાં પ્રયોગ કરવા લાગ્યા. આ પ્રયોગ નો ઉપયોગ કરી તેઓએ અઘરા શબ્દોને સમજાવવા માટે ચિત્રો અને વિડીઓ ક્લીપની પણ મદદ લઇ એક ડીજીટલ પાઠ્યપુસ્તક જેવું સ્વરૂપ આપ્યું અને હર્ષ સાથે કહેવું પડે કે, બાળકોને એ ખુબજ પસંદ આવ્યું તેમજ તે સમજવામાં પણ ખુબજ સરળ બન્યું. હવે બાળકોને પાઠ અને પ્રશ્નો કંટાળાજનક નહિ, પણ રસપ્રદ લાગવા લાગ્યા.

તેઓના આ કાર્યને વધુ વેગ અને પ્રોત્સાહન મળે તે માટે તેઓના આ કાર્યની નોંધ ગુજરાત પાઠ્યપુસ્તક મંડળે પણ લીધી અને તેમનું આ કાર્ય પાઠ્યપુસ્તકના QR કોડમાં પણ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.

49




❖ ઈનોવેટરનું નામ : ડૉ. ખુશ્બુ સી. ગરાળા

❖ શાળાનું નામ : ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કુલ, જૂનાગઢ

તાલુકો : જૂનાગઢ , જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલનંબર : 9409181638


## યોગ શિક્ષણ દ્વારા સ્વાસ્થ્ય અને શિક્ષણમાં અસરકારકતા

- માનવજાતના ઇતિહાસમાં સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે પતંજલીએ આપેલ 'યોગશાસ્ત્ર' વિશ્વમાં અજોડ છે. ચિત વૃતિનું નિરોધન કરવામાં યોગ જ ઉત્તમ માધ્યમ છે.
- ભગવત ગીતામાં કહ્યા પ્રમાણે કર્મમાં કુશળતા એ જ યોગ છે. પરંતુ આ કર્મમાં કુશળતા કેવી રીતે આવે આ સાધ્ય સુધી પહોંચવાનું સાધન કેવું? આ પ્રશ્નના ઉત્તર સ્વરૂપે જુનાગઢ તાલુકાનાં શિક્ષિકાશ્રી ડૉ. ખુશ્બુ ગરાળાએ તેનો યોગ રૂપી રામબાણ ઇલાજ કરવાનું નક્કી કર્યું.
- પતંજલિ યોગપીઠ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડની તાલીમ લીધા પછી તેમણે સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપવા માટે વર્ગની શરૂઆતે યોગ અભ્યાસ કરાવવાનું નક્કી કર્યું.સતત અને નિયમિત યોગાભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓમાં સફળ રીતે વિષય શિક્ષણને અસરકારક બનાવી શકાય છે. જે તેમના ઇનોવેશનની મોટી સફળતા છે.
- પ્રત્યેક શિક્ષકે જો વર્ગની શરૂઆતે પ્રાણાયામ, ધ્યાનનો અભ્યાસ કરાવે તો વર્ગ કાર્યમાં વિદ્યાર્થીઓની રુચિ વધારી શકાય છે અને પરિણામ ઉંચું લાવી શકાય છે.
- ડૉ. ખુશ્બુએ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ટ્રેનીગ મેળવી શાળાની વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા મેળવે તે માટે નિ:શૂલ્ક યોગા ક્લાસનો પ્રારંભ કર્યો.
- વિષયની શરૂઆત કરતા પહેલા 5 મિનીટ પ્રાણાયામ કરાવી વિષય શરૂઆત કરવામાં આવતી
- યોગ ક્લાસમાં શાળાના બધા જ વિદ્યાર્થીઓ માટે અઠવાડિક 2 વાર યોગના તાસનું આયોજન થતું પરતું આ ઇનોવેશનના ભાગ રુપ 2021 માં ધોરણ 11Aની તમામ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી. પસંદ કરેલ તમામ વિદ્યાર્થીઓ ને દરરોજ યોગ, પ્રાણાયામ, ધ્યાનની માહિતી આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું.
- પ્રાણાયામ કરાવ્યા પછી તે વિદ્યાર્થીઓની અધ્યયન અસરકારકતા અને પ્રાણાયામ વગર આપવામાં આવતા અધ્યયનની અસરકારકતા ચકાસવામાં આવી.
- ધ્યાન પછી વિદ્યાર્થીઓની માનસિક પરિસ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો.
- યોગ દ્વારા અધ્યયન, શારીરિક માનસિક પરિસ્થિતિનો ચિતાર મેળવવા માટે પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો.

- પ્રયોગપાત્ર વિદ્યાર્થીઓ માંથી જ અમુક વિદ્યાર્થીનીઓ સાથે ૨૧જુન ૨૦૨૨ના રોજ રીલે થનારી યોગ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો. તેના માટે ગુજરાતના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવાનું થતા વિદ્યાર્થીઓનો પર્યટન માટેનો રસ જાગૃત થયો.
- વિદ્યાર્થીઓ પર બે વર્ષના પ્રયોગના અંતે અભિપ્રાયાવલી ભરાવવામાં આવી જેથી યોગની સ્વાસ્થ્ય અને શિક્ષણ પર અસરકારકતા તપાસવામાં આવી.
- યોગ અને આયુર્વેદના પ્રચાર દ્વારા વિદ્યાર્થીઓને જાગૃત કરવા માટે શાળા કક્ષાએ સેમિનારનું આયોજન.
- ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત 75 કરોડ સૂર્યનમસ્કાર ચેલેન્જમાં શાળાની 40 વિદ્યાર્થીનીઓ સાથે જોડાય ને ગોલ્ડન વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં 21 દિવસ સુધી સક્રિય ભાગીદારી.
- 21 જુન 2022 ‘વિશ્વ યોગ દિવસ‘ અંતર્ગત યોગ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ શહેરીજનો ને જોડી વેકેશનના દિવસોમાં 150 લોકોને યોગ ટ્રેનીંગ આપી જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લાના ઐતિહાસિક સ્થળો પર લઈ જઈ, યોગ ડોક્યુમેન્ટરી ફિલ્મમાં જિલ્લા તરફથી સક્રીય કામગીરી નિભાવી.
- આજે 2 વર્ષના અંતે આ પ્રયોગ દ્વારા સિદ્ધ થય શક્યું છે કે વિષય સાથે યોગ પ્રવૃત્તિ કરવાથી વિદ્યાર્થીઓને વિષયમાં રસ લેતા તેમજ તેમની હતાશા-નિરાશા દૂર કરી એક ખુશહાલ જીવન જીવવાની પ્રેરણા સાથે તેમની અંદર રહેલ સર્જનાત્મકતાને પણ બહાર લાવી શકાય છે. શિક્ષણ સાથેની તેઓની આ પ્રવૃત્તિ શૈક્ષણિક જીવનનો ભાગ બની છે.









❖ ઇનોવેટરનું નામ : અવનીબેન હર્ષદરાય વ્યાસ
❖ શાળાનું નામ : સરકારી સિંધી હાઇસ્કુલ મેંદરડા
તાલુકો : મેંદરડા જિલ્લો : જુનાગઢ
❖ મોબાઈલ નંબર : 9924764500



## ગણિત વિષયને સરળ રીતે સમજીએ.....

ધોરણ 9 અને 10 ના બાળકો ને જેને ગણિતમાં પાયો સારો છે તેમજ જે બાળકોએ તેના ધોરણ 1 થી 8 માં ધ્યાન આપ્યું છે તેને ગણિત વિષયમાં રસ પડે છે અને સૂત્ર યાદ રાખી શકે છે. અને સમજણ આપવાથી ગણિતના દાખલા જાતે ગણવાનો પ્રયત્ન કરે છે અને સમજીને દાખલાના સાચા જવાબ પણ લાવે છે. પરંતુ જે વિધ્યાર્થીને ગણિત વિષયમાં સૂત્ર યાદ રાખવામાં તકલીફ પડે છે અથવા યાદ નથી રહેતા તેને વર્ગમાં રસ ઓછો લાગતો જોવા મળ્યો. જયારે ગણિતનો તાસ આવે ત્યારે જે વિદ્યાર્થીને સૂત્ર યાદ રહી જાય તેને તાસમાં રસ પડે પણ જેને સૂત્ર યાદ ન રહે ગણિત વિષય તેને સમજાય નહિ. સરકારી સિંધી હાઇસ્કુલ મેંદરડામાં પોતાની સેવા આપતા એવા અવનીબેન હર્ષદરાય વ્યાસને સમસ્યા લાગી તો તેણીએ વિચાર્યું કે એવી પ્રવૃત્તિ કરાવું કે જેથી વિદ્યાર્થીને સૂત્ર યાદ રહી જાય અને દાખલા ગોખવાને બદલે સમજીને ગણે. તેથી મે બે કલરમાં ચોરસ અને લંબચોરસ આકારના ફ્લેસ કાર્ડ બનાવ્યાં. જેમાં એકમાં પ્રશ્ન અને બીજામાં સૂત્રનો જવાબ અને અલગ અલગ મોડેલ બનાવ્યાં જેમાં સ્પીનર અને સમાંતર રેખા અને તેની છેદિકાથી બનતા ખૂણા અને સંખ્યારેખા તોરણ બનાવીને શીખવવાનું શરૂ કર્યું. આ બધા મોડેલ અને ફ્લેશકાર્ડથી રમત રમાડતા રમાડતા શીખવવાનું શરૂ કર્યું તો વિદ્યાર્થીઓ ઉત્સાહ સાથે રમત રમ્યા અને સૂત્ર યાદ રાખવાનો પ્રયત્ન કર્યો. ત્યારબાદ જે વિદ્યાર્થીને ગણિતના દાખલા ગણવામાં નકારાત્મક વિચાર કરતા હતા કે મને ગણિત નહિ આવડે તેને આ પ્રવૃત્તિ કરાવી તો તેને ગણિત સમજવામાં સરળ પડયું. અને ગણિત વિષયમાં રસ પડતો થયો. તે વિદ્યાર્થી દાખલા ગણતા થયા. ગણિત વિષય પ્રત્યેનો ડર હતો એ ધીમે ધીમે દુર થાય છે એવુ જોવા મળ્યુ અને ગણિત વિષયમાં રસ પડતો જોવા મળ્યો.








51



- ❖ ઇનોવેટરનું નામ : ગણાત્રા ક્રિનાબેન વસંતભાઈ
- ❖ શાળાનું નામ : શ્રી શારદા વિનય મંદિર મા. & ઉમા. શાળા
  તાલુકો : મેંદરડા જિલ્લો : જુનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 96245 81603

## મોડેલ દ્વારા ભારતીય અર્થવ્યવસ્થાની સમજ

- હાલમાં જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં શિક્ષક શ્રી ગણાત્રા ક્રિનાબેન વસંતભાઈ શ્રી શારદા વિનય મંદિર મા.& ઉમા. શાળામાં અભ્યાસ કરાવે છે.
- તેઓએ અભ્યાસ દરમ્યાન જોયું કે ઘણા વિદ્યાર્થીઓને લાંબા અને મુદ્દાસર પ્રશ્નોના ઉત્તરોને યાદ રાખવામાં અને લખવામાં ભૂલો પડે છે તેનું કારણ આગળના વર્ષોમાં કોરોનાને કારણે શાળા બંધ અને લખવાની પ્રેક્ટિસ છૂટી ગયેલ હતી. આ સમસ્યાને દૂર કરવા માટે સૌપ્રથમ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરે જેમાં કથન અને લેખનની પદ્ધતિ વિદ્યાર્થીને નીરસ લાગતી હતી અને કંટાળો અનુભવતા હતા.
- તેથી આ સમસ્યાને દૂર કરવા માટે તેમણે એક નવીનતમ પદ્ધતિ દ્વારા કશુંક નવું કરુ જેથી વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રુચિમાં વધારો થાય.
- નવીનતમ પદ્ધતિ તરીકે તેમણે એક મોડલ તૈયાર કર્યો જેથી વિદ્યાર્થીઓની રુચિમાં વધારો જોવા મળેલો.
- ત્યારબાદ વધુ અઘરા લાગતા મુદ્દાઓને બાળકો સરળતાથી શીખે તે માટે મોડલ્સ તથા ચાર્ટનો ઉપયોગ વધુ હિતાવહ લાગ્યો. એક યુનિટ તેમણે ચાર્ટ અને મોડલ્સનો ઉપયોગ કરી સમજાવ્યું ત્યારબાદ તેમનું મૂલ્યાંકન કરવા માટે એક ટેસ્ટ લીધી. ટેસ્ટ લેતા પહેલાની પદ્ધતિ કરતા પરિણામ સારું જોવા મળ્યું.
- મૂલ્યાંકન કરતા જોવા મળ્યું કે હવે વિદ્યાર્થીઓમાં પાઠ્યપુસ્તક અને અભ્યાસ પ્રત્યે મૂલ્યને લગતા શિક્ષણને સમજતા થયા દરેક પાઠમાંથી કૌશલ્યા ભારતીય અર્થતંત્રની અગત્યતા સમજતા થયા તેમજ કૌશલ્ય, ગુણો અને સમાજના કલ્યાણની ભાવના આપણી સંસ્કૃતિને જાળવી રાખવાની ભાવના વગેરે બાબતોથી સમજતા થયા. દરેક પાઠમાંથી મૂલ્યની અગત્યતા ને સમજતા થયા
- વિદ્યાર્થીનું ભણતર પ્રત્યેનો અભિગમ બદલાયો તેમજ બાળકો હવે નવું જાણવા જોવા અને સમજવા માટે તત્પર રહેતા. તેમજ વિદ્યાર્થીઓ સાથેના વાતચીતના માધ્યમ પરથી મને એવું લાગ્યું કે કથન અને લેખન કરતા પ્રત્યેક નિહાળેલ મોડેલ અને ચાર્ટ પર વધુ ધ્યાન આપતા થયા.
- ખૂબ જ અગત્યનો મુદ્દો ગોખણપટ્ટીથી મુક્ત જવાબ અને વાસ્તવિક સમજ વિકસાવતા થયા.
- જેથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો હાજરીની સંખ્યામાં વધારો અને મૂલ્યાંકન કરતા પરિણામ પણ સારું મળેલ છે.
- આ નવતર પ્રયોગમાં ઉપયોગમાં આવેલ મોડલ્સ ચાર્ટ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓએ જાતે તૈયાર કર્યા છે.

# 52




❖ ઇનોવેટરનું નામ : હિતેષ જીતેન્દ્રભાઈ અધ્વર્યુ

❖ શાળાનું નામ : શ્રી પરમેશ વિદ્યાલય – માંગરોળ બંદર

તાલુકો : માંગરોળ જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નબર : ૯૩૭૬૨૫૧૫૯૯


## ગણિતનો જાદુ

માંગરોળ બંદર પર અરબસાગરના કિનારે આવેલ શાળા શ્રી પરમેશ વિદ્યાલયના શિક્ષક શ્રી હિતેષભાઈ અધ્વર્યુને ગણિત વિષયમાં વિદ્યાર્થીને રસ જગાડવા અને ગણિત જેવા અઘરા વિષયને કારણે નાસીપાસ થતા વિધાર્થીઓમાં ગણિત પ્રત્યે રસ જગાડવા માટે એક કૃતિ રજુ કરેલ છે

વિદ્યાર્થીઓ રમતા-રમતા-ગણિત વિષય નું જ્ઞાન મેળવે અને ગણન પ્રક્રિયા દ્વારા સરવાળા, બાદબાકી, મેમરી ટેસ્ટ, આંકડાઓ, સંખ્યાઓ ઓળખવી અને એ પ્રકારની ઘણી ક્રિયાઓ શીખી જાણી શકાય છે.

આ કૃતિનું નામ છે ગણિતનો જાદુ જેમાં સાત કાર્ડ બનાવેલા છે, જેમાં કેટલાક આકડાઓ લખેલ છે સૌ પ્રથમ ૧ થી ૧૦૦ માંથી કોઈ એક સંખ્યા ધારી લેવાની પછી સામેવાળો વિદ્યાર્થી તે સાત કાર્ડ માંથી ક્યા-ક્યા કાર્ડમાં તે સંખ્યા છે તે કાર્ડ અલગ કરી પોતાની રીતે સામેવાળી વ્યક્તિએ ધરેલી સંખ્યા કહી દે છે આમ એક પ્રકારનો જાદુ જેવી પ્રક્રિયા થાય છે એટલે આ કૃતિનું નામ ગણિતનો જાદુ રાખેલ છે અને વિદ્યાર્થીઓને ખુબ રસ પડે છે

આ કૃતિ દ્વારા વિદ્યાર્થીઓમાં આ ગેમ રમવાથી સરળ સરવાળા, બાદબાકી અને આંકડા યાદ રાખવાની ક્રિયા બને છે. તેથી છેલ્લે જવાબ મળી જાય છે અને બાળકો રાજી થાય છે. ગણિત અઘરું છે તેઓ “હાઉ” દુર થાય છે અને ધીમે ધીમે ગણિત પ્રત્યે રસ જાગે છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓ માટે પણ કેટલીક રીતો ઉપયોગી બને છે.







**53**



- ઈનોવેટરનુ નામ : રીઝવાન વાય. કોતલ
- શાળનું નામ : એમ.એમ.ઈ.ડબલ્યુ. હાયર સેકન્ડરી સ્કૂલ

  તાલુકો : માંગરોળ., જિલ્લો : જૂનાગઢ.
- મોબાઈલ નંબર : ૯૮૨૪૯ ૬૬૩૩૧

## રમતા રમતા ગણિત શીખીએ

એમ.એમ.ઈ.ડબલ્યુ. હાયર સેક્ન્ડરી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રીઝવાન વાય. કોતલને ધો.૯ તથા ધો.૧૦ના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ગણિત વિષયમાં શિક્ષણકાર્ય કરતી વખતે જાણવા મળ્યુ કે આ ધોરણના બાળકો ક્ષેત્રફળ તથા ઘનફળના સૂત્રો સરળતાથી યાદ કરી શકતા નથી.

આ સમસ્યાના નિવારણ માટે તેઓને “વિવિધ સૂત્રો ધરાવતા કાર્ડ” તૈયાર કરવાનો વિચાર આવ્યો. જેમાં પ્લેઈંગ કાર્ડની અંદર કોઈ ઘનપદાર્થનું નામ અને બીજા કાર્ડમાં તેનું સૂત્ર લખ્યું. બાળકો સાથે મળીને એક ગેમ રમશે, જેમાં પ્રશ્ન સ્વરૂપના કાર્ડ તથા સૂત્રની જોડી બનાવશે. શરૂઆતમાં થોડા સમય માટે સૂત્રો જોઈને બનાવશે. ધીમે ધીમે સૂત્રો જોયા વિના બનાવતા થાશે.

આ રીતે બાળકો પ્લેઈંગ કાર્ડની મદદથી ક્ષેત્રફળ તથા ઘનફળના સૂત્રો ઝડપથી યાદ કરશે.

બીજા એક પ્રયોગમાં લખોટીઓ દ્વારા સરવાળાના તાર્કીક પ્રશ્નોનું નિરાકરણ કરશે, જેના દ્વારા વિદ્યાર્થીઓની તાર્કીક શક્તિનો વિકાસ થશે.

આ નવતર પ્રયોગને અંતે ધોરણ ૯ તથા ધોરણ ૧૦ના ૮૫% બાળકો પોતાની રીતે સરળતાથી ક્ષેત્રફળ તથા ઘનફળના સૂત્રો યાદ રાખશે અને તેઓની ગોખણ પટ્ટી બંધ થાશે.



54



❖ ઇનોવેટરનું નામ : જે.એમ. મોણપરા

❖ શાળાનું નામ : શ્રી જવાહર હાઈસ્કૂલ - ખોરાસા (ગીર)

તાલુકો : માળિયા (હાટીના) જીલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 6351220393

## રમત અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ

આ નવતર પ્રયોગથી સૌપ્રથમ તો વિધાર્થીઓમાં અભ્યાસ પ્રત્યેની રસ અને રૂચી વધી. સામાજિક વિજ્ઞાન વિષયમાં પ્રશ્નો યાદ રાખવામાં જે મુશ્કેલી પડતી હતી તે સરળતાથી યાદ રાખતા થયા, માત્ર યાદ જ નહિ પરંતુ તેને ખરી રીતે સમજતા થયા અને તેમની જિજ્ઞાસાવૃત્તિ વધી. આ પ્રયોગથી વિધાર્થીઓ સતત અભ્યાસિક પ્રવૃતિઓ તરફ જ ધ્યાન આપવા લાગ્યા. ચાલુ કલાસે અન્ય વાતો કરતા બંધ થયા, નવા નવા આઈડીયા પોતે જ આપતા થયા જે વિધાર્થી ભણવામાં નબળા છે તે પણ રમતો થકી શીખતા થયા આતુરતાથી સામાજિક વિજ્ઞાનનો તાસ ક્યારે આવે અને આજે શું નવું બતાવશે કે શું નવું રમાડશે તેની રાહ જોતા થયા અને હોંશે હોંશે અભ્યાસમાં રસ દાખવતા થયા.





55



❖ ઇનોવેટરનું નામ : ડો. દિનેશ જાદવભાઈ મોરવાડિયા

❖ શાળાનું નામ : સરકારી હાઈસ્કૂલ માળીયાહાટીના

તાલુકો : માળીયા હાટીના જિલ્લો : જુનાગઢ

❖ મોબાઈલ નંબર : 9974674818

## જીવન વિકાસમાં મૂલ્યશિક્ષણ

જુનાગઢ જિલ્લાની સરકારી હાઈસ્કૂલ માળીયાહાટીનામાં ખૂબ જ ઉત્સાહી શિક્ષક એવા દિનેશભાઈ મોરવાડિયા કાર્યરત છે. તેમણે બાળકોમાં અમુક સમસ્યાઓ શોધી કાઢી જેમકે અનિયમિતતા , ખોટું બોલવું , અયોગ્ય વર્તન, મૂલ્યોનો અભાવ વગેરે એટલે દિનેશભાઈ એ જીવન વિકાસમાં મૂલ્ય શિક્ષણને પોતાનો નવતર પ્રયોગનો મુખ્ય વિષય બનાવ્યો.

"સત્યમ , શિવમ અને સુંદરમ " જેવા મૂલ્યોને આત્મસાત કરવાથી બાળકોમાં જીવન ઘડતર થશે તે માટે મહાનુભવોના ચિત્રો, કટીંગ, પોસ્ટર વગેરેનું પ્રદર્શન બાળકો સમક્ષ પ્રાર્થનામાં કરવું તથા પ્રેરક - પ્રસંગો, વિડિયો , ફોટોગ્રાફ દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણની જરૂરિયાત અને ઉપયોગીતા સમજાવી. આ ઉપરાંત લાઇબ્રેરી ખોલવામાં આવી જેમાંથી બાળકો ઉત્તમ ચરિતાર્થ , મહાપુરુષોના આદર્શો વાંચી શકે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. અને મહાપુરુષો તથા મોરલ સ્ટોરીની ટૂંકી ફિલ્મોનું નિદર્શન કરીને તેના પર ચર્ચા કરી વિચાર વિમર્શ કરાવી બાળકોને મૂલ્ય શિક્ષણનું જીવન વિકાસમાં યોગદાન સમજાવવામાં આવ્યું અને નિબંધ સ્પર્ધા પણ કરાવવામાં આવી.

આ પ્રયોગ મહદંશે સફળ થયો છે બાળકો રોજ પ્રાર્થનામાં મૂલ્ય વિચાર રજૂ કરે છે અને દરેક બાળક રોજે રોજ નવો મૂલ્ય ગુણ રજૂ કરીને સ્વચ્છતા, પ્રમાણિકતા, નિયમિતતા, સત્ય બોલવું, સારું વર્તન વગેરે જેવા ગુણોનો વિકાસ થયો. અને જીવન વિકાસમાં પણ આ વિચાર ઉપયોગી થયો. હાલ આ ઇનોવેશન શાળામાં કાર્યરત છે.

56



- ❖ ઇનોવેટરનું નામ : ઘોકીયા સરોજબેન હમીરભાઇ
- ❖ શાળાનું નામ : શ્રી સનસાઇન માધ્યમીક શાળા બાંટવા

તાલુકો : માણાવદર, જીલ્લો : જુનાગઢ

- ❖ મોબાઈલનંબર : ૮૪૬૯૪૩૮૩૪૯

## વિદ્યાર્થીની અંદર છુપાયેલી મૌલીક શક્તિને જાગ્રુત કરવી

વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીની અંદર છુપાયેલ મૌલીક શક્તિને જાગ્રુત કરવા માટેનો પ્રયત્નમાં જોવા મળતા અભાવ અને ખુટતા આત્મ વિશ્વાસને દુર કરવા માટે શ્રી સનસાઇન માધ્યમીક શાળાનાં શિક્ષિકા ઘોકીયા સરોજબેન હમીરભાઇએ વિદ્યાર્થીઓને સૌપ્રથમ મુશ્કેલી ક્યા પડે છે તેનો વિચાર કરી અને મુશ્કેલી દુર કરવાના પ્રયત્ન શરૂ કરેલ.

આ માટે શરૂઆતમાં બાળકોને અઘરા લાગતા વિષયના કઠીન મુદાઓને સરળ ભાષામા સમજાવી અને તેમાથી નાના પ્રશ્નો પુછી તેમનો જવાબ મોઢે લખવાનુ કહેવામાં આવતા તકલીફ પડતી હતી. પણ આ ક્રીયાનુ વારંવાર પુનરાવર્તન કરવાથી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો. હાલ તેઓ પ્રશ્નોના જવાબ પોતાની રીતે અને સચોટ રીતે આપે છે.









**57**




❖ ઇનોવેટરનું નામ :- ડૉ. ઈમ્રાન ખાન એમ. યુસુફઝય

❖ શાળાનું નામ :- શ્રી એન જે જાવિયા વિદ્યા મંદિર, લીંબુડા

તાલુકો :- માણાવદર જિલ્લો :- જુનાગઢ

❖ મોબાઈલ નંબર :- ૯૦૩૩૭૬૩૪૩૨


## Practical Approach of Teaching English through Digitization

જેમકે આપણે બધા જાણીએ છીએ કે હાલના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ દિવસે ને દિવસે વધતો જાય છે. માહિતીના પ્રચાર અને પ્રસાર માટે તેમજ વિવિધ જ્ઞાન-શાખાઓની માહિતી મેળવવા માટે વિદ્યાર્થીઓ મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા થયા છે. શિક્ષક અને શિક્ષણ બંનેમાં આ આવડત છેલ્લા બે વર્ષથી તુલનાત્મક રીતે અને નાટકીય ઢબથી વધી છે. યુવાન વિદ્યાર્થીઓ માટે તો મોબાઈલ અને ઈન્ટરનેટ આશીર્વાદ સમાન સાબિત થયું છે; ત્યારે ખુબ જ જરૂરી છે કે ઉચ્ચતર વિભાગમાં ભણતાં વિદ્યાર્થીઓ પણ આ ડીજીટલ ટુલ્સ તેમજ મોબાઈલ અને ઈન્ટરનેટનો હકારાત્મક ઉપયોગ કરતા શીખે. ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષય પ્રાથમિક શાળાના દિવસોથી જ ચિંતાનો વિષય રહે છે. પરંતુ ICTના આ યુગમાં જો ઇનોવેટીવ રીતે એટલે કે વિશિષ્ટ રીતે શીખવવામાં આવે તો વિદ્યાર્થીઓ મોબાઈલ અને ઈન્ટરનેટની મદદથી ખુબ જ સરળ અને ઝડપી રીતે અંગ્રેજી શીખી શકે છે.

તદુપરાંત જો અંગ્રેજીને વ્યવહારમાં કઈ રીતે ઉપયોગમાં લેવી એટલે કે પ્રેક્ટીકલ અપ્રોચથી અંગ્રેજી વિષય તરીકે નહી પરંતુ ભાષા તરીકે ભણાવવામાં નહીં પરતું શીખવાડવામાં આવે તો વિદ્યાર્થીઓની અંગ્રેજી શીખવાની રૂચી સાચી દિશામાં વિકસી શકે તેમ છે. આજના ટેકનીકલ અને ડીજીટલ ઉપકરણોની મદદથી ખુબ જ સરળ અને રસપ્રદ રીતે ઝડપથી અંગ્રેજી શીખી શકાય છે.

ઉપરના હેતુને ધ્યાનમાં રાખી પ્રસ્તુત ઇનોવેશનના ઇનોવેટર ડૉ. ઈમ્રાન ખાન એમ. યુસુફઝય અંગ્રેજીને ડીજીટલ ઉપકરણોની મદદથી વ્યવહારુ રીતે કઈ રીતે શીખવી શકાય તે પ્રયોગ હાથ ધારે છે; જેમાં તેઓ ઈ-મેઈલને પારંપારિક રીતે શીખવાડી દીધા બાદ પોતાના વિદ્યાર્થીઓને તેમના મોબાઈલ પરથી એમેને એક ઈમેઈલ મોકલવાનું ટાસ્ક સોંપે છે તેમજ વિદ્યાર્થીઓના મોકલેલા મેઈલ પર પોતે પ્રતિસાદ આપે છે. આ પ્રયોગમાં તેમને સફળતા મળે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને એક પ્રયોગાત્મક કાર્ય આપી વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દ ભંડોળ, ટીમ વર્ક તેમજ સર્જનશક્તિ વિકસે તેનું સફળ આયોજન કરે છે. અને વિદ્યાર્થીઓને ઝડપથી અને સરળતાથી અંગ્રેજી ભાષા સબંધિત દરેક પ્રકારનું સ્ટડીમટીરીયલ મળી રહે તે માટે ડ્રોપબોક્ષ અને ગુગલક્લાસરૂમનો પ્રયોગ પણ સફળ રહે છે.

58



- ઇનોવેટરનું નામ : વિ જે. દલસાણીયા
- શાળાનું નામ : શ્રી વિવેકાનંદ હાઈસ્કુલ – વંથલી

  તાલુકો : વંથલી, જિલ્લો : જુનાગઢ
- મોબાઈલ નંબર : ૯૫૧૦૩૫૮૮૧૫

## ગાણિતિક આકારો

શ્રી વિવેકાનંદ હાઈસ્કુલ – વંથલી શિક્ષક તરીકે ફરજ બજાવતા દલસાણીયા વિપુલકુમારને ધોરણ ૯ વર્ગખંડમાં ગણિત વિષયમાં શિક્ષણકાર્ય કરતી વખતે જાણવા મળ્યું કે, આ ધોરણના બાળકો ભૌમિતિક આકારો સમજી શકતા નથી. જેને કારણે બાળકો ગણિત વિષયમાં ભૂમિતિથી દુર રહે છે. મનમાં ગણિત વિષય પ્રત્યે નીરસતા દાખવતા અને જીવનપર્યંત ગણિતવિષય પ્રત્યે અરૂચી બની રહે.

આ સમસ્યાના નિવારણ માટે ગણિતમાં આવતા ભૌમિતિક આકારોને બાળકોની આસપાસ રહેલા ભૌમિતિક આકારોની ઓળખાણ કરાવી. તેમજ તેઓની આસપાસ રહેલા પદાર્થોની સરખામણી કરવા કહ્યું અને યાદી બનાવવા કહ્યું.

આ રીતે બાળકો વિવિધ પદાર્થો જોઈ તેની સરખામણી કરતા થયા અને ભૌમિતિક આકારો યાદ રાખતા થયા.જાતે આકારો દોરતા થયા તેમજ તેના મોડેલો બનાવતા થયા.

આ નવતર પ્રયોગને અંતે બાળકોમાં ગણિત વિષય પ્રત્યેનો ડર દુર થયો. આ યુક્તિથી બાળકો ભૌમિતિક આકારોના સુત્રોને ગોખવાને બદલે સરળતા પૂર્વક યાદ રાખતા થયા.



❖ ઇનોવેટરનું નામ : ડો. વનરાજભાઇ વીરાભાઇ પરમાર
❖ શાળાનું નામ : શ્રી જવાહર વિનય મંદિર, શાપુર
તાલુકો : વંથલી જિલ્લો : જુનાગઢ
❖ મોબાઈલ નંબર : ૯૭૨૫૫૭૪૫૩૪

## Education the power by Dr. Vanraj Parmar યુ-ટયુબ ચેનલ દ્વારા ધો.૧૧-૧૨ માં Remedial Teaching

શ્રી જવાહર વિનય મંદિર શાપુર ખાતે ડો. વનરાજભાઇ વીરાભાઇ પરમાર તા.03-0૧-૨0૧૫ થી સેવારત છે.. ત્યારે તેમના ધોરણ ૧૨ ના બોર્ડના વિદ્યાર્થીઓનું પરિણામ વર્ષ ૨0૧૫-૧૬ અને વર્ષ ૨0૧૬-૧૭ નું એકંદરે નીચું પ્રાપ્ત થયું. જે સુધારવાની ટેકનીકો અંતર્ગત તેઓએ તેના વિષય અંગ્રેજીનું પરિણામ સુધરે અને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી વર્ષ ૨0૧૭ થી તેઓની યુ-ટયુબ ચેનલ Education the Power by Dr. Vanraj Parmar માં શાળામાં કરાવેલ વર્ગકાર્ય દરમ્યાન અંગ્રેજી ગ્રામરના શિખવેલ વિડિયોને સારરૂપે રજુ કરવાનો વિચાર અમલમાં મૂકયો અને જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ઘણા બધા વિડિયો કન્ટેન્ટ બનતા ગયા. જે તેઓએ શાળા સમય પછી તેમની યુ-ટયુબ ચેનલમાં અપલોડ કરવાના શરૂ કર્યા. જેનું ક્ષેત્ર શાળાના વિદ્યાર્થીઓ જ રહયુંછે. જેમાં એકપણ વિડિયોમાં તેઓની પ્રસિધ્ધિ માટે લાઇક, શેર, સબસ્ક્રાઇબ કરો તેવું કહેલ નથી. શાળાના વિદ્યાર્થીઓને તેઓએ ભણાવેલું ભૂલે નહીં, પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પણ ફરીથી ટ્રાયલ પરીક્ષા આપવામાં મદદરૂપ થાય અને વિદ્યાર્થીઓનું અંગ્રેજી ગ્રામ તરફનો વલણ બદલે, તેઓ વિષયમાં રસ, રૂચિ કેળવે તેવા હેતુથી કરેલ પ્રયાસને ખૂબ જ સારૂ પરિણામ બોર્ડ દ્વારા લવાયેલ પરીક્ષાઓમાં પણ મળ્યું છે જે નીચે મુજબ છે.

વર્ષ ૨0૧૭/૧૮ માં ૭૭ માંથી 30 વિદ્યાર્થીઓ પાસ થયા કુલ ૩૮.૯૬% પરિણામ
વર્ષ ૨0૧૮/૧૯ માં ૯૧ માંથી ૫૧ વિદ્યાર્થીઓ પાસ થયા કુલ ૫૬.0૪% પરિણામ
વર્ષ ૨0૧૯/૨0 માં ૬૭ વિદ્યાર્થીઓ (કોરોના માસ પ્રમોશનના કારણે પાસ)
વર્ષ ૨0૨0/૨૧ માં ૪૧ માંથી ૩૯ વિદ્યાર્થીઓ પાસ થયા કુલ ૯૫.૧૨% પરિણામ
ઇનોવેશન અંગેની લિંક : http://www.youtube.com/@educationthepower5862

60



❖ ઇનોવેટરનું નામ : વૈષ્ણવ મીરા એસ.

❖ શાળાનું નામ : શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર ચણાકા (ઉમરાળી)

તાલુકો : ભેસાણ જિલ્લો : જુનાગઢ

❖ મોબાઈલ નંબર : 6352389009

## Mysterious Educational Toys

જુનાગઢ જિલ્લાના, ભેસાણ તાલુકાની, શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર-ચણાકા(ઉમરાળી)ગામની હાઈસ્કૂલના, શિક્ષિકા શ્રી વૈષ્નવ મીરાબેન એસ. જેવો વર્ષ 2016 થી આ શાળામાં ગણિત વિજ્ઞાન અને ગુજરાતી વિષય ભણાવે છે બાળકોમાં ગણિત વિજ્ઞાનનો ભય દૂર થાય અને આ વિષયોમાં વધુને વધુ રસ રુચિ કેળવાય તે હેતુ થી તેવો શાળામાં અવનવા નવતર પ્રયોગ હાથ ધરતા છે. તેઓ છેલ્લા બે વર્ષથી રાજ્ય કક્ષાના ઇનોવેશન ફેરમાં પોતાનું ઇનોવેશન રજૂ કરે છે. બાળકોને ગણિત વિજ્ઞાન જેવા અઘરા વિષયમાં પાયો નબળો રહી ગયો હોય અને વિદ્યાર્થીઓને બેઝિક ગણિત વિજ્ઞાન સરળતાથી યાદ રહી જાય, તે માટે તેમણે રહસ્યમય શૈક્ષણિક રમકડા બનાવેલા છે. જેમાં બાળકોની ચિંતન શક્તિ, તર્કશક્તિ, અને નિર્ણય શક્તિ નો વિકાસ થયેલો જોવા મળેલો છે.વિધાર્થીઓ માં પ્રાયોગિક કૌશલ્યની કેળવણી ખીલેલી જોવા મળે છે. શાળામાં વિધાર્થીઓ માટે પાઠ્યપુસ્તકને અનુસરીને શિક્ષણમાં મદદરૂપ થાય તેવા રમકડાનીસાથે તેમને બેઝિક ગણિત ની વિજ્ઞાન ને લગતું સાહિત્ય નિર્માણ કરેલું છે. ચાર્ટ્સ, મોડેલ્સ ગેમ્સ, દ્વારા પ્રવૃત્તિમય શિક્ષણથી વિદ્યાર્થીઓને ફાયદો થયેલ છે. રમતા રમતા ગણિત વિજ્ઞાન જેવા વિષયમાં જે પાયાની કચાસ જોવા મળતી હતી, તેમાં આ નવતર પ્રયોગથી સારું પરિણામ મળેલ છે.








## રાજય કક્ષાનો ઇનોવેશન ફેસ્ટીવલ

## વર્ષ   ૨૦૨૧ -૨૦૨૨ - ટીમ જૂનાગઢ

